રજુ તારીખ	::	૧૦–૦૬–૨૦૦૨
દાખલ તારીખ	::	૧૭–૦૬–૨૦૦૨
નિકાલ તારીખ	::	૨૭–૦૧–૨૦૧૭
સમયગાળો	::	વર્ષ–માસ–દિવસ
		૧૪ – ૦૭ – ૧૭

મે. ગણદેવીનાં એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગણદેવી.

ફોજદારી મુકદમા નંબર :: ૨૪૩૬/૨૦૦૨
(મૂળ ફો.કેસ નં. ૩૦૮૯/૨૦૦૨)
આંક :: ૩૬૭

ફરીયાદી :– **નામદાર સરકાર**
(રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફે
ટી. આર. સ્વામી
ડેપ્યુટી જનરલ મેનેજર,
અર્બન બેંક ડેવલપમેન્ટ,
રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા,
અમદાવાદ.

વિરુધ્ધ

આરોપીઓઃ–

(૧) **ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક લિ.**
ઠે. ગણદેવી, તા.ગણદેવી, જિ.નવસારી.

(૨) **અક્ષયભાઈ આર.દેસાઈ**
(ગુજરી જવાથી એબેટ કરેલ છે.)
પ્રમુખશ્રી, ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–દેસાઈજી કંપાઉન્ડ, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૩) **મુકેશભાઈ બી. મહેતા**
ડીરેકટર, ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–શકિત કોમ્પ્લેક્ષ, કોલેજ રોડ, બીલીમોરા,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૪) **રાજેશભાઈ જી. વૈદ્ય**
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–ટાંક ફળિયા, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૫) જસ્મીનભાઈ જી. દેસાઈ
ડીરેકટર, ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–એમ.જી.રોડ, બીલીમોરા,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૬) કિશોરભાઈ ટી. પટેલ
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–પારસી સ્ટ્રીટ, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૭) જયદેવભાઈ એમ.ડેર
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–હોરમર્ઝદ બાગ, ગૌહરબાગ,
બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી.

(૮) સુરેશભાઈ પી.નેમાણી
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–નિશ્ચય ટાવરની પાછળ, ગૌહરબાગ,
બીલીમોરા, તા.ગણદેવી, જિ.નવસારી.

(૯) નગીનભાઈ એ. રાણા
(ગુજરી જવાથી એબેટ કરેલ છે.)
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–અમલસાડ,તા.ગણદેવી, જિ.નવસારી.

(૧૦) ગુલાબભાઈ બી. પટેલ
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–ભાટ સ્ટ્રીટ, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૧૧) ગુલામનબી જે. શેખ
(ગુજરી જવાથી એબેટ કરેલ છે.)
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–કડીયાવાડ, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૧૨) નવીનચંદ્ર એમ. ગાંધી
(આંક–૨૩૬ નાં હુકમ મુજબ ટ્રાયલ અલગ કરેલ છે.)
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–કડીયાવાડ, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૧૩) મનહરલાલ ડી. શાહ
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–દવે સ્ટ્રીટ, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૧૪)ગોપાલભાઈ એમ. ગોહિલ
ડીરેકટર,ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–રેસ્ટ હાઉસ નજીક, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૧૫)હસમુખભાઈ એમ. દેસાઈ
જનરલ મેનેજર (૩૦–૧૧–૨૦૦૧)
ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–દેસાઈ સ્ટ્રીટ,તલોધ,બીલીમોરા,
તા.ગણદેવી, જિ.નવસારી.

(૧૬)ચંપકભાઈ આર.માલી
જનરલ મેનેજર (૦૧–૧૨–૨૦૦૧)
ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક,
રહે–ઉગમણ સ્ટ્રીટ, ગણદેવી,
તા.ગણદેવી, જિ.નવસારી.

ફરિયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી એસ.એસ.સુળે
આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.જે.દેસાઈ

ગુનો :: બેંકીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ–૪૬
સાથે વાંચતા ઈ.પી.કોડની કલમ–૩૪ અન્વયેનો.

:: ચુ કા દો ::

(૧).. ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરિયાદી ટી.આર.સ્વામી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદનાં ડેપ્યુટી જનરલ મેનેજર છે અને તેઓને આ ફરિયાદ કરવા સત્તા આપવામાં આવેલ છે. આરોપી નં.૧ બેંક છે જયારે બાકીનાં આરોપીઓ, આરોપી નં.૧ ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક લિ.નાં ચેરમેન, ડાયરેકટર તથા જનરલ મેનેજર વિગેરે છે. આરોપી નં.૧ બેંક તા. ૦૭/૦૭/૧૯૫૧ ના રોજ ગુજરાત કો.ઓ.સો.એકટ ૧૯૬૧ હેઠળની જોગવાઈ પ્રમાણે નોંધાયેલી સંસ્થા છે અને તેની હેડ ઓફિસ ગણદેવીમાં આવેલી છે. આરોપી નં.૧ બેંકમાં થતા કામકાજ બેંકીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ હેઠળ કરવાના છે. તા. ૦૧/૦૫/૨૦૦૨

નાં રોજ ફરિયાદીએ આરોપી બેંકનાં વ્યવહારોની જાત તપાસ કરેલી અને તેમાં આરોપી બેંકે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નીતિ નિયમ તથા માર્ગદર્શક, ગાઈડ લાઈન તથા સુચનાઓ વિગેરેનું છડે ચોક ઉલ્લંઘન કરેલાનું માલમ પડેલ છે. તપાસ દરમ્યાન જણાય આવેલ કે, આરોપી બેંકે મે.હોમ ટ્રેડ લિમીટેડ મુંબઈની સંસ્થાને બેંક વતી સરકારી જામીનગીરીમાં રોકાણ કરવા માટે રૂા. ૨.૯૦ કરોડની રકમ આપેલ છે અને તે સબબે આરોપી બેંકે કોઈ સીકયોરીટી પણ મેળવેલ નથી. આ બાબતે આરોપી બેંક પાસે ખુલાસો માંગતા, આરોપીઓએ ફેબ્રુઆરી–૨૦૦૧ થી આજદિન સુધી ફોર્મ–૧ માં સ્ટેચ્યુટરી લીકવીડીટીમાં ખોટી માહિતી આપેલ છે અને આમ ખોટા અહેવાલ રજુ કરેલ છે. જેથી ઉપરોકત બનાવ બાબતે ફરિયાદી રીઝર્વ બેંકના ડેપ્યુટી જનરલ મેનેજર ટી.આર.સ્વામીએ આરોપીઓ વિરૂઘ્ધ નવસારી ચીફ જયુડીશીયલ મેજસ્ટ્રેટ સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવતા, ફરિયાદીનું વેરીફેશન નોંધી, ફરિયાદ તારીખ : ૧૦/૦૬/૨૦૦૨ નાં રોજ ફોજદારી રજીસ્ટરે નોંધવામાં આવેલ, જેને ફોજદારી મુકદૃમા નં. ૩૦૮૦/૨૦૦૨ આપવામાં આવેલ. ત્યાર બાદ ગણદેવી મુકામે એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ચાલુ થતાં, સદરહુ કેસ નવસારીનાં ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાંથી અત્રેની કોર્ટમાં તા. ૧૭/૦૬/૨૦૦૨ નાં રોજ તબદીલ કરવામાં આવતાં તેને હાલનો નવો નંબર **૨૪૩૬/૨૦૦૨** આપવામાં આવેલ છે.

(૨).. ફરિયાદીની ફરિયાદ રજીસ્ટરે લીધા બાદ, આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ. સમન્સ બજી જતાં આરોપીઓ તેમનાં વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનાં મૂલ્યે આપવામાં આવ્યા બાદ, તહોમતનામું ફરમાવતા અગાઉ પ્રિ–ચાર્જનો પુરાવો નોંધવામાં આવેલ અને ત્યાર બાદ તહોમતનામું ફરમાવવાનો હુકમ કરવામાં આવેલ, જે હુકમથી નારાજ થઈ, આરોપીઓને નામદાર અધિક સત્ર ન્યાયાધીશ, નવસારી સમક્ષ રિવિઝન દાખલ કરેલ, જે રિવિઝન નામંજુર કરવામાં આવેલ.

(૩).. ત્યાર બાદ આરોપી નં.૨ અક્ષયભાઈ આર.દેસાઈનું અવસાન થતાં, આંક–૦૧ લગત તા. ૩૧/૦૮/૨૦૧૦ નાં રોજ હુકમ કરી, તેઓ સામેની ટ્રાયલ એબેટ કરવામાં આવેલ છે અને આરોપી નં.૧૨ નવીનચંદ્ર એમ. ગાંધી ગેરહાજર રહેતાં બાકીનાં આરોપીઓએ આંક–૨૩૬ થી તેઓ સામેની ટ્રાયલ આરોપી નં.૧૨ થી અલગ

કરી, આગળ ચલાવવા માટે અરજી આપતાં, સદર અરજી નામદાર કોર્ટે મંજુર રાખી, આરોપી નં.૧, ૩ થી ૧૧, ૧૩ થી ૧૬ સામેનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪).. ત્યાર બાદ આરોપી નં.૧, ૩ થી ૧૧, ૧૩ થી ૧૬ વિરૂધ્ધ આંક–૨૩૯ થી બેંકીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ–૪૬ સાથે વાંચતા કલમ–૩૪ નાં ગુનાં સબબ તહોમતનામું ફરમાવી, તેની વિગત વાંચી સંભળાવી સમજાવવામાં આવ્યા બાદ, આંક–૨૪૦ થી ૨૫૩ સુધી આરોપીઓની પ્લી લેતાં, આરોપીઓએ પોતાની સામેનાં ગુનાંનો ઈન્કાર કરેલ છે. જેથી ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

(૫).. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો નોંધતા દરમ્યાન, આરોપી નં.૯ નગીનભાઈ એ. રાણાનું અવસાન થતાં, આંક–૦૧ લગત તા. ૨૭/૧૧/૨૦૧૨ નાં રોજ હુકમ કરી, તેઓ સામેની ટ્રાયલ એબેટ કરવામાં આવેલ છે, જયારે આરોપી નં.૧૧ ગુલામનબી જે. શેખનું અવસાન થતાં, આંક–૦૧ લગત તા. ૦૬/૧૦/૨૦૧૫ નાં રોજ હુકમ કરી, તેઓ સામેની ટ્રાયલ એબેટ કરવામાં આવેલ છે.

(૬).. ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આ પ્રમાણે છે.

:: મૌખિક પુરાવો ::

અ.નં.	**આંક**	**વિગત**
૧	૩૪	સાહેદ અરવિંદકુમાર હીરાલાલ શાહની જુબાની.
૨	૧૪૨	સાહેદ મહેન્દ્રભાઈ ભાણાભાઈ ટેલરની જુબાની.

:: દસ્તાવેજી પુરાવો ::

અ.નં.	**આંક**	**વિગત**
૧	૪૨	નિ.૩/૨–આરોપી બેંકની તપાસણીનો રીપોર્ટ.
૨	૪૬	નિ.૨૭/૧–એપ્રિલ–૨૦૦૧ ના એપેન્ડીક્ષ–૧–૨ ના અસલ રીટર્નના કાગળો નંગ–૫, તા.૧૬/૦૫/૨૦૦૧.
૩	૪૭	નિ.૨૭/૨–ફોર્મ નં.૯ ના કાગળો નંગ–૫, તા.૧૪/૦૭/૨૦૦૧.
૪	૪૮	નિ.૨૭/૩–ફોર્મ નં.૧ તથા ૯ અને એપેન્ડીક્ષ–૧–૨ ના કાગળો

		નંગ–૫, તા.૧૩/૦૮/૨૦૦૧.
૫	૪૯	નિ.૨૭/૪–ફોર્મ નં.૧ તથા ૯ અને એપેન્ડીક્ષ–૧–૨ ના અસલ રીટર્નસ કાગળો નંગ–૪, તા.૧૭/૦૯/૨૦૦૧.
૬	૫૦	નિ.૨૭/૫–ફોર્મ નં.૧ તથા ૯ અને એપેન્ડીક્ષ–૧–૨ ના કાગળો નંગ–૪, તા.૧૫/૧૧/૨૦૦૧.
૭	૫૧	નિ.૨૭/૬–ફોર્મ નં.૧ તથા ૯ અને એપેન્ડીક્ષ–૧–૨ ના કાગળો નંગ–૪, તા.૧૫/૧૨/૨૦૦૧.
૮	૫૨	નિ.૨૭/૭–ફોર્મ નં.૧ તથા ૯ અને એપેન્ડીક્ષ–૧–૨ ના કાગળો નંગ–૪, તા.૧૫/૦૧/૨૦૦૨.
૯	૫૩	નિ.૨૮/૧–ફેબ્રુઆરી–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૦	૫૪.	નિ.૨૮/૨–માર્ચ–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૧	૫૫	નિ.૨૮/૩–એપ્રિલ–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૨	૫૬	નિ.૨૮/૪–મે–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૩	૫૭	નિ.૨૮/૫–જુન–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૪	૫૮	નિ.૨૮/૬–જુલાઈ–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૫	૫૯	નિ.૨૮/૭–ઓગષ્ટ–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૬	૬૦	નિ.૨૮/૮–સપ્ટેમ્બર–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૭	૬૧	નિ.૨૮/૯–ઓકટોબર–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૮	૬૨	નિ.૨૮/૧૦–નવેમ્બર–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૧૯	૬૩	નિ.૨૮/૧૧–ડીસેમ્બર–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૨૦	૬૪	નિ.૨૮/૧૨–જાન્યુ.–૨૦૦૧ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૨૧	૬૫	નિ.૨૮/૧૩–ફેબ્રુઆરી–૨૦૦૨ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૨૨	૬૬	નિ.૨૮/૧૪–માર્ચ–૨૦૦૨ નું એપેન્ડીક્ષ–૨ નું રીવાઈઝ રીટર્ન
૨૩	૭૩	નિ.૩/૧–ફરિયાદ દાખલ કરવાની લેખિત પરવાનગી.
૨૪	૮૧	રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, મુંબઈનો પરિપત્ર નં.૬/૧૬.૨૬.૦૦૧ ૨૦૦૦–૨૦૦૧.
૨૫	૮૨	એચ.ડી.એફ.સી.બેંકનો તા. ૧૯/૦૧/૨૦૦૨ નો પત્ર.
૨૬	૮૩	ઠરાવ નં.૧૨(૧૭) તા. ૦૪/૧૦/૧૯૯૯ ની ખરી નકલ.
૨૭	૮૪	ઠરાવ નં. ૫(૧૫) તા.૨૮/૧૦/૧૯૯૯ ની ખરી નકલ.
૨૮	૮૫	ઠરાવ નં.૯(૧૪) તા.૨૭/૧૨/૨૦૦૦ ની ખરી નકલ.
૨૯	૮૬	ઠરાવ નં.૧૦(૬) તા. ૨૦/૧૦/૨૦૦૧ ની ખરી નકલ.
૩૦	૮૭	ઠરાવ નં.૧૧(૧) તા. ૧૦/૧૦/૨૦૦૧ ની ખરી નકલ.
૩૧	૮૮	ઠરાવ નં. ૧૩, તા.૨૯/૧૨/૨૦૦૧ ની ખરી નકલ.

૩૨	૯૮	રીઝર્વ બેંકનો તા. ૧૪ મે ૨૦૦૨ નો ૫૦.
૩૩	૧૪૩	નિ.૧૪૧/૧–કોન્ટ્રાકટ નોટ નં.૭૫૫૮, જી.ઓ.આઈ.૨૦૧૭
૩૪	૧૪૪	નિ.૧૪૧/૨–કોન્ટ્રાકટ નોટ નં.૭૪૩૭, જી.ઓ.આઈ.૨૦૧૭
૩૫	૧૪૫	નિ.૧૪૧/૩–કોન્ટ્રાકટ નોટ નં.૭૪૩૫, સી.જી. ૨૦૧૦
૩૬	૧૪૬	નિ.૧૪૧/૪–કોન્ટ્રાકટ નોટ નં.૬૯૪૧, સી.જી. ૨૦૧૦
૩૭	૧૪૭	નિ.૧૪૧/૫–કોન્ટ્રાકટ નોટ નં.૬૯૩૯, જી.ઓ.આઈ.૨૦૧૯
૩૮	૧૪૮	નિ.૧૪૧/૬–કોન્ટ્રાકટ નોટ નં.૬૮૬૯, જી.ઓ.આઈ.૨૦૧૯
૩૯	૧૪૯	નિ.૧૪૧/૭–કોન્ટ્રાકટ નોટ નં.૬૮૬૭, જી.ઓ.આઈ.૨૦૧૫
૪૦	૧૫૦	નિ.૧૪૧/૮–કોન્ટ્રાકટ નોટ નં.૬૮૧૩, જી.ઓ.આઈ.૨૦૧૫
૪૧	૧૫૧	નિ.૧૪૧/૯–કોન્ટ્રાકટ નોટ નં.૬૮૧૭, સી.જી. ૨૦૧૨
૪૨	૧૫૨	નિ.૧૪૧/૧૦–કોન્ટ્રાકટ નોટ નં.૬૮૧૫, સી.જી. ૨૦૧૨
૪૩	૧૫૩	નિ.૧૪૧/૧૧–કોન્ટ્રાકટ નોટ નં.૬૪૦૫, સી.જી. ૨૦૧૨
૪૪	૧૫૪	નિ.૧૪૧/૧૨–કોન્ટ્રાકટ નોટ નં.૬૪૦૭, સી.જી. ૨૦૧૨
૪૫.	૧૫૫	નિ.૧૪૧/૧૩–કોન્ટ્રાકટ નોટ નં.૬૪૦૩, સી.જી. ૨૦૦૯
૪૬	૧૫૬	નિ.૧૪૧/૧૪–કોન્ટ્રાકટ નોટ નં.૬૪૦૯, એસ.એસ.એન.એસ. –૨૦૦૯

(૭).. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીઓ નં.૧,૩ થી ૮,૧૦, ૧૧, ૧૩ થી ૧૬ નું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ ફરીથી ગુનાંનો ઈન્કાર કરેલો છે અને જણાવેલ છે કે,અમો નિર્દોષ છે, અમારી ઉપર ખોટો કેસ કરેલો છે, હાલમાં પણ અમારી બેંક ચાલુ છે, ફરિયાદવાળા કહેવાતા નુકશાન અંગે હોમટ્રેડ વિરૂધ્ધ દાવો કરી અમારા લાભમાં હુકમનામું મેળવેલ છે.

(૮).. ત્યાર બાદ સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી એમ.એન.વસાવા તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી આર.જે.દેસાઈની દલીલો સાંભળી.

(૯).. ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ હોમ ટ્રેડ લિમીટેડ મુંબઈની સંસ્થાને સરકારી જામીનગીરીમાં રોકાણ

કરવા માટે બેંક વતી રૂા. ૨.૯૦ કરોડની રકમ, કોઈપણ જાતની સીકયુરીટી મેળવ્યા વગર આપી, ફેબ્રુઆરી–૨૦૦૧ થી ખોટી માહિતીઓ તથા ખોટા અહેવાલ રજુ કરી, સાચી હકીકત છુપાવી, બેન્કીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ–૪૬ સાથે વાંચતા કલમ–૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૧૦).. ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

<u>:: કા ર ણો ::</u>

(૧૧).. આ કામે ફરિયાદ પક્ષે તેમનાં કેસનાં સમર્થનમાં આંક–૩૩૯ થી લેખિત દલીલો રજુ કરેલ છે અને તેની સાથે રજુ કરેલ ચુકાદા મુજબ પોતાની રજુઆત ગણી લેવા જણાવેલ છે અને લેખિત દલીલો ધ્યાને લેતાં આ કામનાં આરોપીઓએ ફરિયાદમાં જણાવ્યા મુજબનો ફરિયાદી બેંકનાં પરિપત્રનું પાલન ન કરી અને હોમટ્રેડમાં સીકયોરીટી મેળવ્યા સિવાય રોકાણ કરેલ હોય તથા રેકર્ડ ઉપર પડેલ પુરાવા મુજબ આ કામનાં આરોપીઓએ ફરિયાદી બેંકનાં બેંકીગ રેગ્યુલેશન એકટની જોગવાઈઓ મુજબ રીઝર્વ બેંકમાં જે રીટર્ન ભરવાના થાય તે રીટર્નમાં ખોટી માહિતી દર્શાવી ખોટા રીટર્ન રજુ કરેલાનું સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપરથી ફરિયાદ પક્ષે પુરવાર કરેલ છે. આમ, ફરિયાદીએ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય અને આરોપીઓએ બેંકીગ રેગ્યુલેશન એ.કટની કલમ–૨૦, ૨૧(એ), ૩૫(એ) વિગેરે મુજબની જોગવાઈઓનો ભંગ કરેલ હોય અને આમ આરોપીઓએ સદર કાયદાની કલમ–૪૬ મુજબ શિક્ષાને પાત્ર ગુનાં કરેલ હોય, તે સંજોગોમાં આ કામનાં આરોપીઓ સામેનો કેસ પુરવાર થતો હોય, આરોપીઓને કાયદામાં ઠરાવ્યા મુજબ તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

(૧૨).. ફરિયાદી તરફે વિ.વ.શ્રીએ નીચે મુજબનાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૧) 2006 Law Suit (SC) 1227 - GANESH BANK, KURUNDWAD LTD V/S UNION OF INDIA.

(૨) LAWS (SC) -2008-11-153 - NATIONALSMALL INDUSTRIES CORPORATION LTD V/S STATE NCT OF DELHI.

(૩) 2009 Law Suit (SC) 1338 - SARDAR ASSOCIATES V/S PUNJAB & SIND BANK.

(૪) 2010 Law Suit (Bom) 764 - RESERVE BANK OF INDIA V/S IMRAN ASHRAF FURNITUREWALA AND ORS.

(૫) 1997 Law Suit (SC) 491 - BOI FINANCE LTD V/S CUSTODIAN.

ઉપરોકત ચુકાદાઓનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને રાખતાં અમો ફરિયાદીનાં કેસ સાથે સંપૂર્ણ સુસંગત હોય, જેથી સદર ચુકાદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ આ કામનાં આરોપીઓ સામેનો કેસ ફરિયાદીએ પુરવાર કરેલ હોય, જેથી આરોપીઓને ધોરણસર દાખલા રૂપ સજા કરવા અરજ કરેલ છે.

(૧૩).. આ કામે આરોપીઓ તરફે તેમનાં વિ..શ્રીએ મુખ્યત્વે રેકર્ડ ઉપર પડેલ પુરાવા મુજબ રજુઆત કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, અમો આરોપીઓએ કહેવાતો કોઈ ગુનો કરેલો નથી. આ કામે ફરિયાદીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી તથા આ કામે પ્રિ–ચાર્જનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે, પરંતુ ચાર્જ ફ્રેમ કર્યા બાદ ફરિયાદ પક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ, પરંતુ અમો આરોપી પક્ષેઆંક–૨૬ થી રેકર્ડ ઉપર ચાર્જ પહેલાંનો જે મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે તે સાહેદોને તપાસવા માંગતા હોય અને નામદાર અદાલતે અમો આરોપીઓની અરજી મંજુર કરેલ હોય તેમ છતાં ફરિયાદ પક્ષે કોઈ જ સાહેદને હાજર રાખેલ નથી. જેથી અમો આરોપીઓને ફરિયાદી તરફેનાં સાહેદોને પડકારવાની કોઈ જ તક મળેલ નથી. વધુમાં આંક–૩૪ થી તપાસેલ સાહેદ અરવિંદભાઈ સને ૨૦૦૬ માં ગુજરી ગયેલા હોય તે સંજોગોમાં સદર સાહેદને કુદરતી રીતે તપાસી શકાયેલ ન હોય, પરંતુ સદર સાહેદની જુબાની પડકાર વિહોણી ગણાય જેથી સદર સાહેદની જુબાની ઉપર

કોઈ જ આધાર રાખી શકાય નહિં તેમજ આંક–૧૪૨ થી સાહેદ મહેન્દ્રભાઈને હાજર રાખવા પુરતો સમય આપવામાં આવેલ હોવા છતાં સદર સાહેદ પણ અદાલતમાં હાજર ન રહેતાં ફરિયાદ પક્ષનો પુરાવો બંધ થઈ જવા પામેલ અને આમ આ કામ રેકર્ડ ઉપર ફરિયાદ પક્ષ તરફે અન્ય કોઈ સાહેદો તપાસવામાં આવેલા નથી તેવું સ્પષ્ટ ફલિત થાય છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને રાખતાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ કોઈ જ રીતે પુરવાર કરેલ નથી અને એકમાત્ર પ્રિ–ચાર્જનાં પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન પણ ઠરાવી શકાય નહિં. જેથી રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનો ઉપયોગ અમો આરોપીઓ વિરૂઘ્ધ થઈ શકે તેમ નથી. જેથી પણ આ કામનાં ફરિયાદી પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલાનું સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપરથી જણાય આવે છે છે. જેથી અમો આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૧૪).. આ કામે આંક–૧૪૩ થી ૧૫૬ નાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા કે જે હોમટ્રેડે આરોપી બેંકને લખેલા પત્રો છે તેમાં આરોપીઓ પૈકી કોઈની સહી સદર દસ્તાવેજી પુરાવા ઉપર થયેલ નથી, તેમજ આ કામે ફરિયાદ પક્ષ તરફે પ્ર તિબંધિત કોઈ જ રીઝર્વ બેંકનો પરિપત્ર પણ રજુ કરેલ નથીઅને માત્ર આંક–૮૧ થી રજુ કરેલ પરિપત્ર જોતાં તેમાં પચ્ચીસ કરોડથી ઉપરનું ટ્રાન્જેકશન હોય ત્યારે જ સદર પરિપત્રનું પાલન કરવાનું થાય. આ કામે આંક–૧૪૨ થી તપાસવામાં આવેલ સાહેદ મહેન્દ્રભાઈએ માત્ર આંક–૧૪૩ થી ૧૫૬ નાં દસ્તાવેજો રજુ કરેલા છે તે સિવાય તેઓએ ફરિયાદ હકીકતને સમર્થન મળે તેવો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી કે તેઓ તેમની ઉલટતપાસ માટે પણ અદાલતમાં હાજર રહેલા નથી અને આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને રાખતાં અમો આરોપીઓએ રૂા. ૨.૯૦ કરોડ હોમટ્રેડને વગર સીકયોરીટીએ આપેલા હોવાની હકીકત રેકર્ડ ઉપરથી પુરવાર થતી નથી કે અમો આરોપીઓએ ફરિયાદી બેંકને કોઈ જ ખોટી માહિતી આપેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલિત થતું નથી, કારણ કે આ કામે જે રીવાઈઝ રીટર્ન રજુ કરેલા છે તે રીવાઈઝ રીટર્ન ફરિયાદી બેંકનાં આંક–૯૮ નાં પત્ર અનુસંધાને મોકલવામાં આવેલા. તે સંજોગોમાં અમો આરોપીઓએ કોઈ ઈરાદાપૂર્વક કે બેંકની નાણાંકીય કોઈ જ હકીકત છુપાવવાનાં ઈરાદાથી ખોટા રીટર્ન મોકલેલા હોય તેવું રેકર્ડ ઉપરથી પુરવાર થતું નથી, તેમજ આ કામે આરોપી બેંકનાં ઠરાવ પણ આંક–૮૩ થી ૮૮ મુજબ રજુ કરેલા છે. જે ઘ્યાને લેવા અરજ કરેલ છે અને આ કામે આંક–૨૩૯ થી જે ચાર્જ ફ્રેમ કરવામાં

આવેલ છે તે ચાર્જ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે રેકર્ડ ઉપર કોઈ જ પુરાવો રજુ થયેલ ન હોય, તે તમામ સંજોગો ધ્યાને રાખતાં અમો આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેલ છે. જેથી અમો આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૧૫).. આરોપી તરફે વિ.વ.શ્રીએ નીચે મુજબનાં ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૧) 1997 Law Suit (SC) 491 - BOI FINANCE LTD V/S CUSTODIAN.

(૨) AIR 1998 SUPREME COURT 596 Associated Cement Co. Ltd., V/S Keshvanand.

ઉપરોકત ચુકાદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને રાખતાં અમો આરોપીઓનાં કેસની હકીકત સાથે સુસંગત હોય,સદર ચુકાદા ધ્યાને લઈ અમો આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૧૬).. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને રાખતાં આ કામે મુદ્દાવાર ચર્ચા કરવાનું વ્યાજબી અને ન્યાયી ગણુ છું અને તે મુજબ નીચે પ્રમાણે ચર્ચા કરું છું.

મુદ્દા નંબર – ૧ ::–

(૧૭).. ફરિયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે સાહેદ અરવિંદકુમાર હીરાલાલ શાહને આંક–૩૪ થી તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, હું રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા,અમદાવાદ ખાતે અર્બન બેંક ડીપાર્ટમેન્ટમાં અધિકારી વર્ગ–ગ્રેડ–બી તરીકે કામ કરૂં છું. આ હોદ્દાની રૂએ મારે શહેરી કો.ઓપરેટીવ બેંકોના inspection scrutiny તથા department તરફથી આ બેંકોને લગતુ જે કંઈ કામ કહેવામાં આવે તે હું કરૂ છું. ગણદેવી પીપલ્સ બેંક મારા કાર્યક્ષેત્રમાં આવે છે. આરોપી બેંકે સરકારી જામીનગીરીમાં જે રોકાણો કરેલા તેની scrutiny મેં કરેલી. આરોપી બેંકની Head Office ગણદેવીમાં છે. આરોપી બેંક નોંધાયેલી બેંક છે. આરોપી બેંક

ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટીઝ એકટ,૧૯૬૧ ની જોગવાઈ અન્વયે તારીખ : ૦૬/૧૦/૧૯૭૨ નાં રોજ નોંધાયેલી બેંક છે. આરોપી બેંક નવસારી અને વલસાડ જીલ્લામાં બેંકીગનો વ્યવસાય કરે છે. આ કામના ફરિયાદી ટી.આર.સ્વામી કે જેઓ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ડેપ્યુટી જનરલ મેનેજર છે તેમણે આ ફરિયાદ રીઝર્વ બેંક તરફે કરેલી છે. રીઝર્વ બેંકે આરોપીને કો.ઓપરેટીવ સોસાયટીને લાગુ પડતા બેંકીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ–૨૨ ની જોગવાઈ હેઠળ બેન્કીગનો વ્યવસાય કરવા માટેનું લાયસન્સ આપેલુ છે. આ લાયસન્સનો નંબર UBD/GUJ/1437SP dated 8th July 1997 છે. અસલ લાયસન્સ આરોપી બેંક પાસે છે. આરોપી નં.૨ અક્ષયભાઈ દેસાઈ આરોપી બેંકના ચેરમેન છે અને આરોપી નં.૩ થી તે ૧૪ બેન્કના ડાયરેકટર છે. જયારે ૧૫ અને ૧૬ આરોપી બેંકના જનરલ મેનેજર છે. આરોપી નં.૨ થી તે ૧૬ આરોપી બેન્કના રોજેરોજના કામ ઉપર દેખરેખ રાખે છે અને કામનું સુપરવિઝન કરે છે અને આખો બેન્કીગ વ્યવસાય સંભાળે છે. તેઓ બેન્કની જવાબદાર વ્યકિતઓ છે અને ફરિયાદમાં જણાવેલા કૃત્યો કરેલા હોવાથી અને તેવા કૃત્યો માટે જવાબદાર હોવાથી તેઓને આરોપી તરીકે જોડેલા છે.

(૧૮).. આરોપી બેંકે Banking Regulation Act - 1949 ની જોગવાઈ તથા તેના નિયમો પ્રમાણે બેંકનું કામકાજ કરવાનું છે અને આ કાયદાની જોગવાઈ પ્રમાણે આરોપી બેંકના કામકાજ ઉપર Reserve Bank નું નિયંત્રણ છે અને Reserve Bank વખતોવખત જે સુચના અને માર્ગદર્શન આપે તે પ્રમાણે આરોપી બેન્કે કામકાજ કરવાનું છે. પરંતુ આરોપી બેંકે મજકુર કાયદાની જોગવાઈ તથા રીઝર્વ બેંકની સુચના અને માર્ગદર્શન પ્રમાણે કામકાજ કરેલુ નથી. આરોપી બેંકના કામકાજ ઉપર દેખરેખ રાખવાની તથા કામકાજની ચકાસણી કરવાની રીઝર્વ બેંકને સત્તા છે. આ સત્તા Banking Regulation Act ની કલમ–૬૫ ની જોગવાઈ પ્રમાણે મળેલી છે. આ સત્તા આધારે અને રીઝર્વ બેંકના આદેશથી આરોપી બેંકની ચકાસણી અને scrutiny મેં પોતે કરેલી.તા.૦૧/૦૫/૨૦૦૨ નાં રોજ કરેલી અને તે અંગેનો અહેવાલ મેં તૈયાર કરેલો અને તે અહેવાલ મેં રીઝર્વ બેંકમાં રજુ કર્યો છે. આ રીપોર્ટ મેં આ કામે રજુ કર્યો છે.

(૧૯).. મેં બેંકના હિસાબની ચકાસણી કરતા આરોપીઓ બેંકના કાનુન મુજબ કામકાજ કરે છે તેવું મને માલુમ પડેલ નહિં. મને નિ.૩/૨ બતાવવામાં આવે છે તે ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંક લી.ના હિસાબોની ચકાસણી કરેલી તેનો રીપોર્ટ છે. આ રીપોર્ટ તા. ૪ મે ૨૦૦૨ ના રોજ બેંકમાં રજુ કરેલો છે અને તૈયાર પણ તે જ દિવસ ે કરેલો. આ રીપોર્ટ ઉપર મારી સહી છે તે હું ઓળખી બતાવું છું. આ રીપોર્ટમાં લખેલી વિગત બેંકના ઈન્વેસ્ટમેન્ટ રજીસ્ટર તથા ગર્વમન્ટ સીકયોરીટી રજીસ્ટર તથા બીજા પુરાવાઓ તપાસતા તેના આધારે આ વિગતો લખેલી છે. આ રીપોર્ટમાં લખેલી વિગતો સાચી છે. આ રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ કામના આરોપીઓએ હોમ ટ્રેડ લી. સાથે ગર્વમેન્ટ સીકયોરીટીની લે વેચ બાબતે જાન્યુ.૨૦૦૧ થી ૧ મે ૨૦૦૨ સુધીમાં કુલ ૧૦ ખરીદ અને વેચાણના વ્યવહારો કરેલા. તા. ૧૬/૦૧/૨૦૦૧ ના રોજ રૂા. ૦.૨૮ કરોડની ગર્વમેન્ટ સીકયોરીટી અને રૂા. ૧.૦૭ કરોડના નિગમની સીકયોરીટી મે. હોમ ટ્રેડને વેચવા માટે આપેલી જેના બદલામાં બેંકે હોમ ટ્રેડ પાસેથી તે જ દિવસે ૧.૯૯ કરોડની ગર્વમેન્ટ સીકયોરીટી ખરીદેલી અને તફાવતા ૦.૬૪ કરોડ રૂપિયા તેમને ચુકવેલા. (હોમટ્રેડને ચુકવેલા). ઉપરોકત ખરીદેલી ગર્વમેન્ટ સીકયોરીટી (૧૬/૧ /૨૦૦૧ ના રોજ) ની ડીલેવરી તા. ૨૩/૧૦/૨૦૦૧ સુધી બેન્કને મળેલ નહી. આથી બેન્કે તે સીકયોરીટી વેચવા માટેનો તા. ૨૩/૧૦/૨૦૦૧ નો બેંકને કરાર કરી આપ્યો. તે સીકયોરીટી રૂા. ૨.૨૨ કરોડમાં વેચવા માટેનો કરાર કરી આપ્યો, પરંતુ તેની વેચાણ કિંમતની અવેજીમાં બીજી સીકયોરીટી ગર્વમેન્ટ સીકયોરીટી તે જ દિવસે રૂા. ૨.૦૨ કરોડની ખરીદવાનો કરાર હોમટ્રેડ સાથે કરેલો અને તફાવતના ૦.૨૦ કરોડ રૂપિયા તેમણે મેળવ્યા તેમણે એટલે બેંકે મેળવ્યા. આ ખરીદેલી સીકયોરીટી પણ આરોપી બેન્કને ૧૫/૧૧/૨૦૦૧ સુધી ન મળતા તેને વેચવા માટેનો રૂા.૨.૧૭ કરોડમાં કરાર કરેલો. પરંતુ વેચાણ કિંમત મેળવવાના બદલે તેની અવેજીમાં બીજી ૨.૭૩ કરોડની સીકયોરીટી ખરીદવા માટેનો કરાર કરેલ જે કરાર હોમટ્રેડ સાથે કરેલો અને તફાવતા રૂા.૦.૫૬ કરોડ બેંકે હોમટ્રેડને ચુકવેલા. આ સીકયોરીટી પણ તા. ૨૬/૧ ૨/૨૦૦૧ સુધી બેંકને ન મળેલી તેથી ફરીથી તેને વેચવા માટેનો કરાર કરેલો અને એ કરાર રૂા.૨.૯૦ કરોડનો કરેલો અને તફાવતા ૦.૧૧ કરોડ બેંકે મેળવ્યા. આ સીકયોરીટીની વેચાણ કિંમત બેંકે નહી મેળવતા તે જ દિવસે એટલે ૨૬/૧૨/૨૦૦૧ ના રોજ ૨.૮૦ કરોડમાં તેને વેચવા માટેનો કરાર કરેલો. આ સીકયોરીટી પણ તા. ૨૭/૦૨/૨૦૦૨ સુધી બેંકને મળેલી નહિં. જેના બદલે તે સીકયોરીટીને તા.

૨૭/૦૨/૨૦૦૨ ના રોજ વેચાણ કરવા આ સીકયોરીટી રૂા. ૨.૮૭ કરોડમાં વેચવા માટે બેંકે હોમટ્રેડ સાથે કરાર કરેલો. જેની કિંમત પણ બેંકને નહિં મળતા તેને બદલે તારીખ વિનાનો રૂા. ૨.૯૦ કરોડની બીજી સીકયોરીટી વેચાણ લેવા અંગેનો કરાર બેંકે કરેલ. આમ, બેંકે ઉપરોકત વ્યવહારોમાં રૂા.૨.૯૦ કરોડનું નુકશાન કરેલ છે. આ રીપોર્ટ નિ.૩/૨ નો આંક–૪૨ થી રજુ છે.

(૨૦).. વધુમાં સાહેદે જણાવેલ છે કે, તા. ૦૧/૦૫/૨૦૦૨ નાં દિવસે મેં જે સ્કુટીની કરી તેનાથી બેંકે ગર્વમેન્ટ સીકયુરટીના હોમટ્રેડ સાથેના વ્યવહારથી રૂા. ૨.૯૦ કરોડની ખોટ કરેલ છે. બેંકે હોમટ્રેડ સાથે ૨ કરોડ અને નોવું લાખના વ્યવહારો કરેલ છે તે ગેરકાયદેસરના છે. આ વ્યવહારો બેંકીગ રેગ્યુલેશન એકટ મુજબના થયેલા નથી. આ વ્યવહારો રીઝર્વ બેંકે વખતો વખત આપેલ માર્ગદર્શન મુજબના નથી. સીકયોરીટી લીધાવગર બેંક એક પણ રૂપિયાનું રોકાણ કરી શકે નહીં. ધારો કે બેંકે મોટી રકમની જામીનગીરીઓમાં રોકાણ કરવું હોય તો તે માટે બેંકેં પ્રથમ આવા વ્યવહારો જે બ્રોકરો દલાલો ઘ્વારા કરવાના હોય તેની એક પેનલ બોર્ડ ઓફ ડીરેકટરમાં મંજુર કરાવવી અને તેમાં જોવું કે, આ દલાલો ગર્વમેન્ટ સીકયોરીટીમાં વ્યવહારો કરવા પાત્ર છે કે અધિકૃત છે કે કેમ તેની ચકાસણી કરવી અને જે રકમનું રોકાણ કરેતેની સામે સરકારી જામીનગીરી મેળવવી. બેંકે ૨ કરોડ ૯૦ લાખના રોકાણ સામે કોઈ સરકારી જામીનગીરી હોમટ્રેડ પાસેથી મેળવેલી નથી. સૌ પ્રથમ બેંકે સીકયોરીટી હોમટ્રેડને વેચી હતી તે આવવા પાત્ર નાણાં મેળવ્યા વગર રોકાણ રોલ ઓવર પુનઃ રોકાણ કરતા ગયા.બેંકે હોમટ્રેડમાં રોકાણ કરવા માટે બોર્ડના ડીરેકટર કેસભા ઘ્વારા બીજી રીતે રોકાણ કરવા માટે વરણી નકકી કરી કોઈ ઠરાવ પસાર કરેલ ન હતો. જો આવી કોઈ બેંકે ધિરાણ–રોકાણ કરવું હોય તો બોર્ડ ઓફ ડીરેકટર્સમાં પોલીસી નકકી કરી તે મંજુર કરાવીને કાર્યવાહી કરી શકે જે હાલનાં કિસ્સામાં થયેલ નથી. આ સુચનાઓ સરકયુલર–પરિપત્ર ઘ્વારા બેંકોને આપેલી છે. એ પરિપત્રોની નકલો મેં ફરિયાદ સાથે રજુ કરેલ છે. મને આંક–૨૭ નું લીસ્ટ બતાવવામાં આવે છે તે નિ.૨૭/૧ આરોપી બેંકેં ફરિયાદી બેંકને મોકલેલ એપ્રિલ–૨૦૦૧ ના એપેન્ડીક્ષ ૧ અને ૨ ના અસલ રીટર્ન છે તેના ઉપર બેંકના જનરલ મેનેજરશ્રીનાં હસ્તાક્ષર છે અને સિકકા છે. બેંકનાં સિકકા છે. તે આંક–૪૬ આપવામાં આવે છે. નિ.૨૭/૨ બતાવવામાં આવે તે આરોપી બેંકં મોકલેલ અસલ ફોર્મ નં.૯ ના પાંચ કાગળો છે તે ફોર્મ નં.૯ ની વિગતો છે તેના ઉપર

પણ બેંકના જનરલ મેનેજરના સહી સિકકા છે તેને આંક–૪૭ આપવામાં આવે છે. મને નિ.૨૭/૩ બતાવવામાં આવે છે તે આરોપી બેંકેં ફરિયાદી બેંકને મોકલેલ ફોર્મ નં.૧ તથા ૯ તેમજ એપેન્ડીક્ષ–૧ અને ૨ ના અસલ કાગળો ૫ નંગ છે જે કુલ પાંચ કાગળો છે જે જુલાઈ મહીના માટેના છે તેના ઉપર જનરલ મેનેજરના સહી સીકકા છે, જે આંક–૪૮ આપવામાં આવે છે. મને નિ.૨૭/૪ બતાવવામાં આવે છે તે આરોપી બેંકેં ફરિયાદી બેંકને મોકલેલ ફોર્મ નં.૧ તથા ૯ તેમજ એપેન્ડીક્ષ–૧ અને ૨ ના ચાર કાગળો છે તેના ઉપર જનરલ મેનેજરના સહી સીકકા છે, જે આંક–૪૯ આપવામાં આવે છે. તે ઓગષ્ટ મહિનાના ૨૦૦૧ ની સાલના છે. મને નિ.૨૭/૫ બતાવવામાં આવે છે તે આરોપી બેંકેં ફરિયાદી બેંકને મોકલેલ ફોર્મ નં.૧ અને ૯ તેમજ એપેન્ડીક્ષ–૧ – ૨ છે તે કુલ ચાર અસલ કાગળો તેના ઉપર જનરલ મેનેજરના સહી સીકકા છે, તે ઓકટોબર ૨૦૦૧ ના છે, જે આંક–૫૦ આપવામાં આવે છે. મને નિ.૨૭/૬ અને ૨૭/૭ થી આરોપી બેંકે કુલ કાગળ નંગ–૮ નવેમ્બર–ડીસેમ્બર ૨૦૦૧ ના ફરિયાદી બેંકને મોકલેલ ફોર્મ નં.૧ અને ૯ તેમજ એપેન્ડીક્ષ–૧ અને ૨ છે તેના ઉપર જનરલ મેનેજરના સહી સીકકા છે, જે આંક–૧૦ અને ૫૨ આપવામાં આવે છે. ઉપરોકત કાગળો બેંકે રેગ્યુલર પોલમાં મોકલવાના થાય તે આંક–૪૬ થીપર અસલ રીટર્નસ છે. નિ.૨૮/૧ થી ૨૮/૧૪ સુધીના કાગળો આરોપી બેંકે માહે ફેબ્રુ.૨૦૦૧ થી માહે માર્ચ–૨૦૦૨ સુધી મોકલેલા રીવાઈઝડ રીટર્નસ છે તેની ઉપર જનરલ મેનેજરના સહી સિકકા છે તે રજુ આંક–૫૩ થી ૬૬ આપવામાં આવે છે. આંક–૪૬ થી ૫૨ અને ૫૩ થી ૬૬ ના રીર્ટનો સરખા નથી. બેંકે મોકલેલ સામાન્ય રીટર્ન મોકલેલ ફોર્મ–૧ અને એપેન્ડીક્ષ ૧ અને ૨ જેમાં બેંકે મેળવેલ એસ.એલ.આર.ની વિગતોમાં હોમટ્રેડ પાસેથી ખરીદેલ સીકયોરીટી તેમને ન મળી હોવા છતાં તે મળેલ છે તેવું બતાવેલ છે.એટલે જણાવેલ છે, તેમ દર્શાવેલ છે. તે હકીકત ખોટી હોવાથી બેંકે રીવાઈઝ રીટર્ન સબમીટ કરેલ છે.

(૨૧).. વધુમાં સાહેદે જણાવેલ છે કે, આંક–૪૬ થી ૫૨ ના ગણદેવી પીપલ્સ ઓ.કો.બેંકે અમોને જે રીટર્ન મોકલેલ છે તે હકીકતો સાચી નથી. આંક–૪૬ થી ૫૨ માં રીટર્નમાં જણાવેલ ખરેખર જાળવેલ એસ.એલ.આર.ની વિગતો સાચી નથી. જયારે મેં તપાસ કરતા માલુમ પડયું કે, ઉપરોકત મધમાં દર્શાવેલ ગર્વમેન્ટ સીકયોરીટી હકીકતમાં બેંક પાસે આવેલ નથી છતાં તેમાં દર્શાવેલ છે. જેથી આ વિગતો સાચી નથી.

આ રીટર્નની વિગતો ખોટી હોવાથી હમોએ બેંક પાસે રીવાઇઝર સ્ટેટમેન્ટની વિગત માંગેલ તે સ્ટેટમેન્ટ આંક–૫૩ થી ૬૬ સુધીના રજુ કરેલા છે. રીવાઈઝડ રીટર્નમાં બેંકે હોમટ્રેડ ધ્વારા ખરીદેલ સીકયોરીટી દર્શાવેલ નથી જે સાચુ છે. જયારે આંક–૪૬ થી ૫૨ ના સ્ટેટમેન્ટમાં સીકયોરીટી ખરીદેલ છે તે ખોટી હકીકત જણાવેલી છે. કોઈપણ સહકારી બેંક જામીનગીરી ખરીદવા માટે નાણાંકીય વ્યવહાર કરે તો તેનો માસિક પત્રકમાં ઉલ્લેખ કરવો પડે. સરકારી જામીનગીરીઓ અથવા કોઈપણ જાતના રોકાણ કરવા માટે બોર્ડ ઓફ ડીરેકટર્સની પૂર્વ મંજુરીની જરૂર છે અને ખરીદ્યા પછી વ્યવહારો કર્યા પછીની મીટીંગમાં ખરેખર થયેલા વ્યવહારો બોર્ડની મંજુરી માટે મુકવા પડે છે. હાલના કિસ્સામાં આવો કોઈ રીપોર્ટ, રીવ્યુ રીપોર્ટ દર છ મહિને રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાને કરવાનો હોય છે જે બેંકે કરેલ નથી. જયારે પણ ઓડિટ થાય ત્યારે સરકારી જામીનગીરીના વ્યવહારોનું પણ ઓડિટ કરવું જરૂરી છે. બેંકે હોમટ્રેડ સાથે કરેલ વ્યવહારોનું ઓડિટ થયેલું નથી. એસ.એલ.આર. એટલે સ્ટેચ્યુટરી લીકવીડીટી રેસીયો એટલે કે, કાયદાના કાયદાની જોગવાઈથી જાળવવા માટેનો જરૂરી પ્રમાણ જે બેંકનાં એન.ડી.ટી.એલ. એટલે કે, નેટ ડીમાન્ડ એન્ડ લાયેબીલીટીના (૨૫%) ઓછામાં ઓછા ૨૫% જાળવવાના હોય છે. જો આ બેંકે જાળવેલા નહી જે અમુક કિસ્સામાં જાળવેલા નથી. એસ.જી.એલ. એકાઉન્ટ એટલે ગર્વમેન્ટ સીકયુરીટી ફીઝીકલ સ્વરૂપમાં ન રાખતા બેંકના ખાતામાં જમા રાખવા માટે અને તેનેલગતા વ્યવહારો કરવા માટેનું એકાઉન્ટ. કન્સ્ટીયલ એમ.જી.એલ.એકટ મુજબ એમ.જી.એલ. એકાઉન્ટ જેનું રીઝર્વ બેંક પાસે કરન્ટ એકાઉન્ટ હોય તેવી સંસ્થાઓ જ રાખી શકે છે. તે સિવાયની સંસ્થાઓ બેંકો તેમનું કન્સ્ટેટર એલ.જી.એલ. એકાઉન્ટ જે સંસ્થા એમ.જી.એલ. એકાઉન્ટ ધરાવતા હોયતેની પાસે રાખી શકે છે. એસ.જી.એલ. એકાઉન્ટમાં આરોપી બેંકે રીઝર્વ બેંકે નકકી કરેલ મુદત પછી તેની સાથેની સીકયોરીટી ફીઝીકલ ફોર્મમાં રાખેલ અથવા ખરીદેલ અને તેને એસ.જી.એલ. રૂપાંતરીત ખાતામાં રાખેલ નહિં. આમ કરીને આરોપી બેંકે રીઝર્વ બેંકના માર્ગદર્શક સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરેલ હતું.

(૨૨).. વધુમાં સાહેદે જણાવેલ છે કે, આરોપીઓએ હોમટ્રેડ લી.નામની કંપની મારફત જે રોકાણો કરેલા તે અંગે તેમની વચ્ચે કરાર થયેલો હતો અને આ કરાર મેં જોયેલો. હોમટ્રેડ સાથે ગણદેવી પીપલ્સ બેંકે કરેલ કરાર જોયેલ છે તેમાં સીકયોરીટીનું નામ ગર્વમેન્ટ જામીનગીરીનું નામ, તેની રકમ, તેનો ભાવ, બજાર ભાવ, તારીખ તથા

કરાર આપનાર વ્યકિતની સહીઓ હતી. આ અસલ કરાર આરોપી બેંક પાસે છે. એ વાત ખરી છે કે, આરોપી બેંકે હોમટ્રેડ સાથે શોર્ટ સેલ્સના વ્યવહારો કરેલા હતા. આ વ્યવહારોમાં જયારે વેચનાર પાસે જામીનગીરીઓ ન હોય છતાં પણ તે અંગેનો વેચાણ કરાર કરે તેને શોર્ટ સેલ કહેવાય છે. શોર્ટ સેલ્સના વ્યવહારમાં જામીનગીરી હોતી નથી. શોર્ટ સેલ્સના વ્યવહારમાં કોઈ સીકયોરીટી હોઈ જ નહિં છતાં કરાર કરે કે ભવિષ્યમાં આપવાની બાંહેધરી આપે જે આરોપી બેંકનું કૃત્ય ગેરકાયદેસરનું હતું. આરોપી બેંકે હોમટ્રેડ સાથે શોર્ટ સેલનાં વ્યવહાર કર્યા ત્યારે જામીનગીરી આપેલ નહિં. પરચેઝરને સેલ ઓફ ગર્વમેન્ટ સીકયોરીટીમાં આરોપી બેંકે જો તે વેચતી હોય તો સીકયોરીટીનું ટ્રાન્સફર ફોર્મ ભરીને લેનાર પાર્ટીને આપવાનું હોય છે અને જો ખરીદતી હોય તો આવું ફોર્મ વેચનાર પાર્ટી પાસેથી મેળવવાનું હોય છે. આવું ટ્રાન્સફર ડીડ આરોપીઓએ હોમટ્રેડ સાથે કરેલ ન હતું. ટ્રાન્સફર ડીડ નકકી કરેલ નમુના મુજબનું હોય છે અને તેની સાથે સીકયોરીટી મોકલવી ફરજીયાત છે. આ ટ્રાન્સફર ડીડ પર સીકયોરીટી વેચાણ કરનારે જે નામે રીઝર્વ બેંકમાં સીકયોરીટી રજીસ્ટર્ડ થયેલ હોય તેણે સહી કરવી પડે. અને આ રીતના વ્યવહારમાં રીઝર્વ બેંકમાં સીકયોરીટી જે વ્યકિત અથવા સંસ્થાના નામે રજીસ્ટર્ડ હોય તેમાં અને ટ્રાન્સફર ફોર્મની વિગતો વચ્ચે સમાનતા હોય આરોપી બેંકે હોમટ્રેડ સાથેના વ્યવહારની નોંધ હમારા ખાતામાં થયેલ નથી. આવા કિસ્સામાં પબ્લીક ડેપ્થ રૂલ્સ ૧૯૪૬ ના નિયમ–૭ ની જોગવાઈ લાગુ પડે છે. આ કલમ–૭ ની જોગવાઈ ફરજીયાત છે. હોમટ્રેડ સાથે જે વ્યવહારમાં પહેલા પરચેઝ કરી હોય તો હોમટ્રેડને આપેલ પૈસા એડવાન્સ તરીકે ગણી શકાય. એ વાત ખરી છે કે, આરોપી બેંકે હોમટ્રેડને જે રકમો આપી તેની કોઈ રસીદો લીધેલ નથી. આ કામે બેંકે વેચેલી ગર્વમેન્ટ સીકયોરીટીના નાણાં મેળવેલ નથી અને આ વ્યવહાર તથા પછીના વ્યવહારોના લીધે બેંકને નાણાંકીય નુકશાન થયેલ. આ રીતે ગણદેવી પીપલ્સ બેંક હોમટ્રેડ પાસેથી પૈસા લીધા નહી અને તેમ કરીને બેંકીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ–૨૧ નો ભંગ કરેલ છે અને હમારા રીઝર્વ બેંકના નિયમોનો પણ ભંગ કરેલ છે.

(૨૩).. વધુમાં સાહેદે જણાવેલ છે કે, કોઈપણ એક પાર્ટીને અનસીકયોર્ડ એડવાન્સ તરીકે વધુમાં વધુ રૂપિયા પાંચ હજારનું ધિરણ ૩૦ દિવસની મર્યાદા સુધી આપી શકે. એ વાત ખરી છે કે, આવી અનસીકયોર્ડ એડવાન્સ રૂપિયા પાંચ હજારથી વધારે હોય તો બેંકના રેગ્યુલેશન મુજબ ગુન્હો બને છે. એ વાત ખરી છે કે, આરોપી બેંકે

અનસીકયોર્ડ એડવાન્સ હોમટ્રેડને આપેલ છે તે ગુન્હો બને છે અને તે થકી બેંકને રૂપિયા બે કરોડ નેવું લાખનું નુકશાન થયેલ છે. બેંકે રીઝર્વ બેંકને રીટર્ન બે મોકલ્યા જે પૈકીનું પ્રથમ તપાસ કરતાં ખોટુ જણાયેલ તેથી તેઓએ ફરીથી રીવાઈઝ રીટર્ન મંગાવતા તે મોકલેલ. માર્કેટ ઈન્ટેલીજન્સીથી હમને ખબર પડેલ કે, સાત બેંકોમાં ગેરકાયદેસર વ્યવહાર થયેલ છે અને તે આધારે હમોએ તપાસ કરેલ અને તેમાં તપાસ કરતાં પ્રથમ મોકલેલુ રીટર્ન ખોટુ હોવાનું માલુમ પડેલ અને રીવાઈઝ રીટર્ન આવવાથી હમોને ખાત્રી થયેલ કે, ગેરકાયદેસરના વ્યવહાર થયેલ છે. આરોપી બેંકે ફોર્મ–I અને IX માં રીઝર્વ બેંકમાં રીટર્ન રજુ કરવા ફરજયાત છે અને આ રીટર્નમાં બેંકવાળા સાચી હકીકત મોકલવા બંધાયેલા છે. જો સરકારી જામીનગીરી ન મળી હોય તો રીટર્નમાં તે વ્યવહાર દર્શાવી શકાય નહિં. રીટર્નમાં જો આરોપી બેંક ખોટી માહિતી ભરે તો રેગ્યુલેશન એકટની કલમ–૨૪ મુજબનો ગુન્હો બને છે. આરોપી બેંકે સ્ટેચ્યુટરી લીકવીડીટી રેસીયો ૨૫% જાળવવાનો હતો. મોટા ભાગના કેસોમાં જો ગવર્મેન્ટ સીકયોરીટીના વ્યવહારો ધ્વારા બેંકને નહી મળેલ રકમ બાદ કરવામાં આવે તો ૨૫% SLR રાખવામાં બેકે ચુક કરેલ છે. ૩૮૧ પ્રસંગોએ લીકવીડીટી ૨૫% રેસીયો જાળવેલ નથી. SLR એટલે સ્ટેચ્યુટરી લીકવીડીટી રેસીયો. બેંકે હોમટ્રેડ સાથેનાં વ્યવહાર કરવામાં બેંકનાં મુખ્ય વ્યવહાર કરતા અને મેનેજર અને બોર્ડ ઓફ ડાયરેકટર્સ જવાબદાર છે. બેંકે કરેલ ગેરકાયદેસરની અસર હાલ પણ ચાલુ છે. ગેરકાયદેસરનો વ્યવહાર અટકાવવા મેનેજર અને ડાયરેકટર્સે પુરતા પગલા લીધેલ નથી. આ ગુનાંની ફરિયાદ ટી.આર.સ્વામી ડેપ્યુટી જનરલ મેનેજર DGM નાંએ કરેલ છે. ફરિયાદ મને બતાવવામાં આવે છે તેમાં ટી.આર.સ્વામીની સહી છે જે હું ઓળખું છું. જે ફરિયાદ આંક–૦૧ થી રજુ છે. હું એસ.એલ.પરમારને ઓળખું છું. તેઓ રીઝર્વ બેંકના એકઝીકયુટીવ ડાયરેકટર હતા. ટી.આર.સ્વામીને આરોપી વિરૂઘ્ધ ફરિયાદ કરવાની પરવાનગી શ્રી એસ.એલ.પરમારે આપેલ છે. મને અસલ પરવાનગી નિ.૩/૧ બતાવવામાં આવે છે તેના પર એસ.એલ.પરમાર નાંઓની સહી છે તે હું ઓળખું છું તે આંક–૭૩ આપવામાં આવે છે.

(૨૪).. જયારે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આરોપી બેંકે નિયત કરેલી તારીખોએ દર મહિને ફોર્મ–૧ એપેન્ડીક્ષ ૧–૨ સાથે અને ફોર્મ–૯ મોકલવાના રહે છે. આંક–૪૬ થી

આંક–પર ના લીસ્ટમાં સપ્ટેમ્બર–૨૦૦૧ નું ઉપર જણાવેલ ફોર્મનો સેટ નથી. એ વાત ખરી છે કે, એ વાત ખરી છે કે, મે–૨૦૦૧ અને જુન–૨૦૦૧ ના એપેન્ડીક્ષ ૧–૨ નથી, નવેમ્બર–૨૦૦૧ ના સેટમાં છે. આ એપેન્ડીક્ષ અને ફોર્મ માસ પુરો થયાથી ૧૫ તારીખની અંદર અમારી ઓફિસે મોકલવાના હોય છે. મોકલવાની કાર્યવાહી ફરજીયાત છે અને જો ના મોકલે તો શિક્ષાત્મક કાર્યવાહી આર.બી.આઈ. કરી શકે. મોડા પત્રક મોકલવામાં આવે તો આર.બી.આઈ. શિક્ષાત્મક પગલા લઈ શકે અને યોગ્ય કારણો બતાવે તો વેવ કરી શકે. આરોપી બેંકે પત્રકો નિયત સમયમાં મોકલાવ્યા નહીં તે હું આજની તારીખે કહી શકું નહીં. પત્રકો મોડા મોકલવા બદલ રીઝર્વ બેંકે કોઈ શિક્ષાત્મક પગલા આરોપી બેંક સામે લીધા છે કે કેમ તેની મને માહિતી નથી. એ વાત ખરી છે કે, રીઝર્વ બેંકમાં ફોર્મ મોકલવામાં આવે તેની ચકાસણી કરવામાં આવે છે. બેંકે મોકલેલી માહિતી મુજબ તેની ચકાસણી કરવાની થાય છે. આ સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, બેંકે મોકલાવેલ માહિતીથી બેંકીગ રેગ્યુલેશન એકટ યાને સંબંધિત કાયદાનો ભંગ થાય છે કે કેમ તે અંગેની ચકાસણી કરવાની થાય છે કે કેમ ? તેનાં જવાબમાં સાહેદે જણાવેલ છે કે, આ પત્રકોનો ઉપયોગ બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૧૮ટો અને ૩૧ ના વાયોલેશન ભંગ થાય છે કે કેમ તે માટે ચકાસણી કરવામાં આવે છે. કલમ–૧૮ અને ૩૧ ની જોગવાઈની ચકાસણી માટે સામાન્ય રીતે એકાદ માસનો સમય જાય. રીઝર્વ બેંક દ્વારા ચકાસણી કરી કલમ–૧૮, ૩૧ નો ભંગ થયેલાનું જણાય તો તેના ઉપર શિક્ષાત્મક કાર્યવાહી કરાય. સંબંધિત બેંકને કાર્યવાહી કરતા પહેલા નોટિસ આપવામાં આવે છે અને ડીમાન્ડ નોટિસ મોકલવામાં આવે છે અને તેમાં ચોકકસ રકમનો દંડ વસુલ કેમ નહિં કરવો તેની નોટિસ આપવામાં આવે છે. આ નોટિસ બેંકને મળેથી તે બેંક તેનો ખુલાસો રજુ કરે અને તે ખુલાસો ધ્યાનમાં લઈ ફાયનલ હુકમ કરવામાં આવે અને આખરી નિર્ણય પછી મોકલેલી માહિતીના આધારે જે કાર્યવાહી સૂચિત હોય તે પુરતી તે કાર્યવાહી બંધ થાય. એ વાત ખરી છે કે, આંક–૪૬ થી પર ના જે તે દસ્તાવેજો આરોપી બેંકે આર.બી.આઈ.ને મોકલેલ છે અને જે તે તારીખે રીઝર્વ બેંકને મળેલ છે તે સાચુ છે. એ વાત પણ સાચી છે કે, આ દસ્તાવેજો મળેથી તેની ચકાસણી એક માસની અંદર થયેલી આંક–૪૬ થી પર ના દસ્તાવેજોની ચકાસણી બાદ આ દસ્તાવેજોમાં કોઈ વાંધાજનક જણાયેલુ નહિં અને તેથી આરોપી બેંકને કોઈ ડીમાન્ડ નોટિસ આપવામાં આવી નથી કે તે અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, એસ.જી.એલ એકાઉન્ટ આરોપી

બેંકે ખોલવાનો ફરજીયાત હતો. એસ.જી.એલ. એકાઉન્ટ એટલે ગર્વમેન્ટ સીકયોરીટી અંગેનો એકાઉન્ટ. ફરિયાદ આપી ત્યારે રૂા. ૨૫/– કરોડથી વધુ થાપણ ધરાવતી બેંકોએ જ એસ.જી.એલ. એકાઉન્ટ ખોલાવવુ પડે છે. એ વાત ખરી છે કે, એસ.જી.એલ. એકાઉન્ટ ખોલવા માટે રીઝર્વ બેંક તરફથી તાબાની બેંકોને સુચના આપવામાં આવે છે. આંક–૮૧ ના રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પરિપત્ર મુજબ ૨૫ કરોડની ઉપરની એન.ડી.પી.એલ. ધરાવતી બેંકોએ ગર્વમેન્ટ સીકયોરીટી એસ.જી.એલ.એકાઉન્ટમાં રાખવી તે ફરજીયાત છે. મારૂ કહેવું છે કે એસ.જી.એલ. એકાઉન્ટ ખોલવો જરૂરી હતો, પરંતુ ફરજીયાત ન હતું. એસ.જી.એલ. એકાઉન્ટ રીઝર્વ બેંકે ગણદેવી બેંકને ખોલાવવા માટે સુચના આપી છે કે કેમ તે હું તપાસ કરીને કહી શકું. એસ.જી.એલ. એકાઉન્ટ જયાં રીઝર્વ બેંક સાથે બેંકનું કરન્ટ એકાઉન્ટ હોય તો જ ત્યાં ખુલી શકે. આરોપી બેંકે એચ.ડી.એફ.સી. બેંકની મુંબઈ અને અમદાવાદની શાખા સાથે એસ.જી.એલ. એકાઉન્ટ ખોલાવેલ છે તેવું એચ.ડી.એફ.સી.ના તા.૧૯/૦૧/૨૦૦૨ નાં પત્ર ઝેરોક્ષ આંક–૮૨ વંચાણે લેતા જણાવું છું. આ ફરિયાદ કરતી વખતે મારી તપાસમાં એવું આવેલ કે, આરોપી બેંકે સી.એલ.જી.એલ. એકાઉન્ટ ખોલાવેલ છે અને તે એકાઉન્ટ ૧૯/૦૧/૨૦૦૨ નાં રોજ ખોલાવેલ હોય અને તે એચ.ડી.એફ.સી.બેંકમાં ખોલાવેલ છે. એ વાત ખરી છે કે, હોમટ્રેડ સાથેનો વ્યવહાર હું અનસીકયોર્ડ એડવાન્સ તરીકે જણાવું છું. તહો. બેંકના હમારી તપાસ દરમ્યાન એડવાન્સ અંગેનાં તેઓ કરતા ધિરાણના નિયમ જોયેલા નહિં, પરંતુ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કોઈપણ ધિરાણના નિયમો રીઝર્વ બેંક અને રજીસ્ટ્રારે ઈસ્યુ કરેલ માર્ગદર્શન સિદ્ધાંતોને અનુસરીને હોય છે. આરોપી બેંક કો.ઓપ.બેંક છે તે હું જાણું છું. એ વાત ખરી છે કે, સહકારી બેંકમાં ધિરાણ અંગેનાં નિયમોની મંજુરી ફકત જીલ્લા રજીસ્ટ્રારે આપવાની હોય છે.એ વાત ખરી છે કે, કો.ઓપરેટીવ બેંક ધિરાણ આપતા પહેલા ધિરાણ લેનારની અરજી લે છે અને તેઓનાં દસ્તાવેજો ચકાસી ધિરાણ આપવુ જોઈએ. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આપની ચકાસણી દરમ્યાન હોમટ્રેડની ધિરાણ અંગેની કોઈ અરજી આપને જોવા મળેલ કે કેમ ? તેનાં જવાબમાં જણાવેલ છે કે કોઈ અરજી ન હતી. ગર્વમેન્ટ સીકયોરીટી ખરીદવા અને વેચવા અંગેની સત્તા ચેરમેન, વાઈસ ચેરમેન અને સેક્રેટરીમાંથી એક અને જનરલ મેનેજર, મેનેજર અને એકાઉન્ટમાંથી એક ને સંયુકત રીતે આપતો ઠરાવ મેં જોયેલો. આંક–૮૩ થી ઠરાવ નં.૧૨(૧૭), આંક–૮૪ થી ઠરાવ નં.૫(૧૬), આંક–૮૫ થી ઠરાવ નં.૯(૧૪), આંક–૮૭ થી ઠરાવ નં.૧૧(૧) થી રજુ

છે તે મને બતાવવામાં આવે છે તે મેં જોયેલ નથી. મને આંક–૮૬ ઠરાવ નં.૧૦(૬) તથા આંક–૮૮ ઠરાવ નં.૧૩ બતાવવામાં આવેલા તે મેં જોયેલા. એ વાત ખરી છે કે,ગર્વમેન્ટ સીકયોરીટીમાં નાણાનાં વ્યવહારના પરિણામે આરોપી બેંકને મારા કહેવા મુજબ બે કરોડ નેવું લાખનું નુકશાન થયેલ છે.આ નુકશાનની જાણ મેં બેંકમાં તપાસ કરી તે દરમ્યાન થયેલ છે. મારી તપાસ દરમ્યાન હોમટ્રેડ લીમીટેડ તરફથી આરોપી બેંકને ૨,૯૬,૪૫,૧૧૪–૨૮ પૈસાનો તા. ૧૦/૦૬/૨૦૦૨ નાં રોજનો ચેક આપેલાની હકીકત મારી જાણમાં આવેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૪૬ થી ૫૨ માં બેંકે જે રોકાણ કરેલ તે અંગેની વિગત આપેલ છે. પરંતુ તે પૈકી ગર્વમેન્ટ સીકયુરીટીના રોકાણ મુજબ ઈન્વેસ્ટમેન્ટ કરેલ નથી. આંક–૪૬ મુજબ બેંકે ૧૯૭.૫૦ લાખનું રોકાણ ગવર્મેન્ટ સિકયુરીટીમાં કરેલ હોવાનો ઉલ્લખે છે, પરંતુ તે મુજબનું રોકાણ બેંકે ગવર્મેન્ટ સીકયુરીટીમાં કરેલ નથી. આંક–૪૭ મુજબ ગવર્મેન્ટ સિકયુરીટીમાં બેંકે રોકાણ કરેલ હોવાનો ઉલ્લખે છે, પરંતુ તે મુજબનું રોકાણ બેંકે ગવર્મેન્ટ સીકયુરીટીમાં કરેલ નથી. ગવર્મેન્ટ સીકયુરીટીના રોકાણ દરમ્યાન સ્પેશ્યલ ઓડિટ થતું નથી, પરંતુ અલગ અલગ પ્રકારના ઓડિટ દરમ્યાન આ વિષય આવરી લેવામાં આવે છે. એ વાત ખરી છે કે, મેં ફરિયાદમાં જણાવ્યા મુજબ પાંચ ખરીદીના તથા પાંચ વેચાણના ટ્રાંજેકશન બાબતે તપાસ કરેલ છે, તે વ્યવહારો અંગેનાં કોઈ ઓડિટ રીપોર્ટ જોયા નથી. આંક–૪૨ નાં વ્યવહારો અંગે તપાસ કરેલી. એ વાત ખરી છે કે, બેંકનાં ગવર્મેન્ટ સીકયુરીટી અંગેનાં ખરીદ વેચાણના વ્યવહાર અંગેના તમામ રેકર્ડની મેં ચકાસણી કરેલ છે. એ વાત ખરી છે કે, મારી તપાસમાં એવું આવેલ કે, ગવર્મેન્ટ સીકયુરીટીના ખરીદ વેચાણ અંગે વ્યવહારો કરેલા. એ વાત ખરી છે કે, મારી તપાસમાં જાણવા મળેલ કે, તહોમતદાર બેંકે ગવર્મેન્ટ સીકયુરીટીના વ્યવહાર હોમટ્રેડ મારફતે કરેલા. હોમટ્રેડ આવા વ્યવહાર કરવા લાયકાત છે કે કેમ તે અંગે પણ મેં તપાસ કરેલી. એ વાત ખરી છે કે, ગવર્મેન્ટ સીકયુરીટીનાં ખરીદ વેચાણના વ્યવહાર માટે રીઝર્વ બેંક અવરનવર પરિપત્ર બહાર પાડે છે. એ વાત ખરી છે કે, રીઝર્વ બેંકના પરિપત્ર મુજબ તહોમતદાર બેંકે નાણાંકીય બેંકે કરેલા છે કે કેમ તે અંગેની તપાસ મારે કરવાની હતી. હોમટ્રેડને ઉપરોકત વ્યવહારો અંગે કમિશનની રકમ આપવામાં આવી હતી કે કેમ તેની તપાસ મેં કરેલ નથી. એ વાત ખરી છે કે, તહો.બેંક પાસે મેં જે જે દસ્તાવેજ માંગેલ તે તમામ બેંકે આપેલ. ગવર્મેન્ટ સીકયુરીટીના વ્યવહારો અંગે રીઝર્વ બેંક તરફથી એવા પરિપત્રો બહાર પાડેલ છે કે બેંકે અમુક જ બ્રોકર સાથે જ વ્યવહાર કરવો એટલે કે,

અમુક કેટેગરીના બ્રોકર મારફત વ્યવહાર કરવા, એટલે કે, કોઈપણ ચોકકસ બ્રોકરનું નામ પરિપત્રમાં હોતુ નથી. એ વાત ખરી નથી કે, ગુજરાત રાજયની સહકારી બેંકોએ પોતાની વિવેક બુધ્ધિ અનુસાર બ્રોકરો નિમેલા છે. બેંકે બ્રોકરની પસંદગી રીઝર્વ બેંકના પરિપત્રમાં જણાવ્યા મુજબ નકકી કરવાની હોય છે. એ વાત ખરી નથી કે સને ૨૦૦૧ ના અરસામાં ગર્વમેન્ટ સીકયુરીટીના ખરીદી વેચાણ અંગે ફીઝીકલ ડીલીવરી આપવી કે લેવી જરૂરી હોવાનું આર.બી.આઈ.નો કોઈ પરિપત્ર ન હતો. એ વાત ખરી છે કે, તહો. બેંકે હોમટ્રેડને જે કોઈ રકમ ચૂકવેલ તે એકાઉન્ટ પેયી ચેકથી સોંપેલી. હવે કહું છું કે તે વાત સાચી નથી. હવે કહું છું કે, એ વાત ખરી છે કે, તહોમતદાર પૈકી જે કોઈ પેમેન્ટ ચૂકવ્યુ હતુ તે પેમેન્ટ એકાઉન્ટ પેયી ચેકથી ચુકવેલુ. એ વાતનો મને અત્યારે ખ્યાલ નથી કે, ગવર્મેન્ટ સીકયુરીટીમાં હોમટ્રેડ પેઢીનો ટ્રેક રેકર્ડ અને ફીનાન્શીયલી સ્ટેન્ડીંગ અંગેના દસ્તાવેજો, બેંકે બતાવેલા કે કેમ, ગવર્મેન્ટ સીકયુરીટી ખરીદ વેચાણની કામગીરી કરવા માટે નોટીફાઈડ સંસ્થાઓમાં, ગુજરાતમાં આવેલ, સંસ્થા જેવી કે, એસ.બી.આઈ. બેંક, પંજાબ નેશનલ બેંક એવી રીતે ઘણી બેંકો છે અને એપ્રુવ્ડ બ્રોકરો જયાં આવતા હોય તેનો સમાવેશ થઈ જાય છે. એ વાત ખરી છે કે, આ પ્રકારનો વ્યવહાર એસ.બી.આઈ.નો દરેક બેંકમાં થતો નથી અને તે રીતે પંજાબ નેશનલ બેંકની દરેક બ્રાંચમાં આવા વ્યવહારો થતા નથી. એ વાતની મને ખબર નથી કે, જયાં સ્ટોક એક્ષચેન્જ હોય ત્યાં જ આવા પ્રકારના વ્યવહાર થઈ શકે કે કેમ. એ વાત ખરી છે કે, ગવર્મેન્ટ સીકયુરીટીનો જો કોઈ વ્યવહાર કરવા હોય તો તે ગણદેવી મુકામે થઈ શકે નહિં. એ વાત ખરી છે કે, ગવર્મેન્ટ સીકયુરીટીના ખરીદ વેચાણના જે કોઈ વ્યવહારો બેંકે કરવાના થાય તેવા વ્યવહારો અમદાવાદ–મુંબઈ જેવા મોટા કેન્દ્રોમાં થઈ શકે. એ વાત ખરી છે કે, આરોપી બેંકની કોઈ શાખા અમદાવાદ કે મુંબઈ ખાતે નથી. એ વાત ખરી છે કે, ગવર્મેન્ટ સીકયુરીટીના ખરીદ વેચાણના વ્યવહાર માટે બેંકે કોઈકની મદદ લેવી પડે. એ વાત ખરી છે કે, આરોપી બેંકે હોમટ્રેડ મારફતે ગવર્મેન્ટ સીકયુરીટીના ખરીદ વેચાણના વ્યવહારો કરેલા છે. એ વાત ખરી છે કે, મારા આંક–૪૨ નાં સ્કુટીની રીપોર્ટમાં ચકાસણી અહેવાલમાં મેં ગવર્મેન્ટ સીકયુરીટીનાં પાંચ ખરીદીના અને પાંચ વેચાણનાં વ્યવહારો દર્શાવેલા છે. એ વાત ખરી છે કે, મારા આંક–૪૨ ના રીપોર્ટમાં, પેરેગ્રાફ નં.૪ થી જે ખરીદ વેચાણની વિગતો દર્શાવેલ છે તે પૈકીની આઈટમ નં.૯ અને ૧૦ થી જે ખરીદી અને વેચાણની વિગતો દર્શાવી છે તેવા નાણાંકીય વ્યવહારો ખરીદ વેચાણ વ્યવહારો બેંકે હોમટ્રેડ મારફતે કરેલા નથી.

આંક–૪૨ ના પેરા–૪ માં જણાવેલ આઈટમ નં.૧ થી ૮ નાં ખરીદી વેચાણનાં વ્યવહારો આરોપી બેંકે હોમટ્રેડ સાથે કરેલા છે. હવે કહું છું કે, મારફતે યાને હોમટ્રેડ મારફતે કરેલ છે. સાહેદને ફરીથી એવું પુછવામાં આવે છે કે, અનુ.નં.૧ થી ૮ ના વ્યવહારો કોની સાથે કરવામાં આવેલ છે ત્યારે સાહેદ ચોકકસપણે કહે છે કે, અનુ.નં.૧ થી ૮ ના વ્યવહારો હોમટ્રેડ સાથે જ કરેલા છે. આંક–૪૨ ના રીપોર્ટમાં પેરા–૪ માં જણાવેલ આઈટમ નં.૧ થી ૮ નાં ખરીદી વેચાણનાં વ્યવહારોમાં આરોપી બેંકે હોમટ્રેડને રૂા. ૬૪,૦૦૦/– બે નંબર ઉપર દર્શાવેલ વ્યવહાર માટે, રૂા. ૨૦,૦૦૦/– ત્રણ નંબર ઉપર દર્શાવેલ વ્યવહાર માટે, રૂા. ૫૬,૦૦૦/– છ નંબર ઉપર દર્શાવેલ વ્યવહાર માટે, રૂા. ૧૧,૦૦૦/– ૭ નંબર ઉપર દર્શાવેલ વ્યવહાર માટે ચુકવેલ છે. આ રકમ કેશથી ચુકવેલ કે ચેકથી ચુકવેલ છે તેની મને ખબર નથી. આ સિવાય હોમટ્રેડને કોઈ રકમ ચુકવેલ નથી. કોઈપણ જાતની ગવર્મેન્ટ સીકયુરીટી હોમટ્રેડે આરોપી બેંકને આપેલ નથી. એ વાત ખરી છે કે, હોમટ્રેડે આરોપી બેંકને ગવર્મેન્ટ સીકયુરીટી આપવાના કરાર કરી આપેલ છે. આરોપી બેંકે હોમટ્રેડ સાથે સીકયોરીટી ખરીદવા અંગે રૂપિયા અગિયાર કરોડની ફ્રેસ વેલ્યુવાળી ગવર્મેન્ટ સીકયુરીટી ખરીદવા માટે અલગ અલગ કરારો કરેલા અને તેટલી જ રકમમાં એટલે કે રૂપિયા અગિયાર કરોડની ફ્રેસ વેલ્યુવાળી ગવર્મેન્ટ સીકયુરીટી વેચાણ માટેના કરાર આરોપી બેંકે હોમટ્રેડ સાથે કરેલા. આ સિવાય આરોપી બેંક અને હોમટ્રેડ સાથે કોઈ ખરીદ વેચાણના વ્યવહાર ગવર્મેન્ટ સીકયોરીટીના બીજા થયેલ નથી. આરોપી બેંકે હોમટ્રેડ સાથે છેતરપિંડી થયેલ હોવા અંગે હોમટ્રેડ સામે ફરિયાદ કરેલ છે કે કેમ, તેવું મારી તપાસમાં આવેલ નથી અને આજ સુધીમાં પણ મને તેવી કોઈ ફરિયાદ થયેલ હોય તેવું મારા ધ્યાનમાં આવેલ નથી. એ વાત પણ મારી તપાસમાં આવેલ નથી કે, આરોપી બેંકને હોમટ્રેડે બે કરોડ છન્નુ લાખની રકમનો ચેક આપેલ છે. આંક–૪૨ ના રીપોર્ટના પેરા–૪ થી જણાવેલ વિગતવાળા વ્યવહાર અંગે આરોપી બેંકને હોમટ્રેડ સાથે જે કરારો થયેલા તે મેં જોયેલા. એ વાત ખરી છે કે, આ કરારોની નકલ મેં મારા રીપોર્ટ સાથે રીઝર્વ બેંકને રજુ કરેલી. હવે કહું છું કે, મારા રીપોર્ટ સાથે મેં તે કરારોની નકલ બિડાણ કરેલ કે કેમ તે મને યાદ નથી. એ વાત ખરી છે કે, તે કરારો મારા તપાસણી રીપોર્ટનો મુખ્ય આધાર છે. એ વાત ખરી છે કે, તે કરારો આ કામે પણ મેં રજુ કરેલ નથી. હાલની ફરિયાદ રીઝર્વ બેંક વતી ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી ટી.આર.સ્વામીએ આપેલ છે. આ ફરિયાદી શ્રી સ્વામીએ આ કામે તેમના તરફે રજુઆત કરવા મને કોઈ અધિકાર આપેલ નથી. હું અને શ્રી સ્વામી એક જ

ખાતામાં કામ કરતા હતા અને અમો બંને નિવૃત્ત થઈ ગયેલ છે. સ્વામી સાહેબ હયાત છે. આંક–૪૨ નાં રીપોર્ટમાં મેં હોમટ્રેડના આરોપી બેંક સાથેના રીપોર્ટમાં જણાવેલ વ્યવહારો અંગે ગંભીર શંકાઓ વ્યકત કરેલ છે. એ વાત ખરી છે કે, તે મારા રીપોર્ટના આધારે હાલની ફરિયાદ દાખલ થયેલી છે. એ વાત ખરી નથી કે, આંક–૪૨ ના રીપોર્ટમાં ૨.૯૦ કરોડનું નુંકશાન એસ્ટીમેટેડ નુકશાન તરીકે દર્શાવેલ છે. એ વાત ખરી છે કે, એસ્ટીમેટેડ લોસ અને એકચ્યુઅલ લોસ અલગ અલગ હોઈ શકે. એ વાત ખરી છે કે, આંક–૪૨ નાં રીપોર્ટમાં મેં એકચ્યુઅલ લોસ આપેલ નથી, પરંતુ એસ્ટીમેટેડ લોસ તરીકે રકમ બતાવેલ છે. મેં મારી ચકાસણી દરમ્યાન આરોપી બેંકનાં કેટલા ડીરેકટરો છે અને તેમની શૈક્ષણિક લાયકાત શું છે તે બાબતે તપાસ કરેલ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આરોપી બેંકનાં બોર્ડ મેમ્બરોને માર્કેટ તથા પ્રોસીજર અંગે મર્યાદિત જ્ઞાન હતું તેવા તારણ પર આવવા માટે ચકાસણીના દિને આપની પાસે કયો આધાર ઉપલબ્ધ હતો ? તેનાં જવાબમાં સાહેદે જણાવેલ છે કે, જે રીતે આરોપી બેંકે હોમટ્રેડ સાથે ગવર્મેન્ટ સીકયુરીટીના વ્યવહારો દરમ્યાન રીઝર્વ બેંકે વખતો વખત આપેલ સુચનાઓનું ઉલ્લંઘન કરેલ અને આ વ્યવહારોના પરિણામે બેંકને રૂા.૨.૯૦ કરોડની ખોટ ગયેલ તેના આધારે હું તારણ પર આવેલો. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, જો બેંકને આવા નાણાંકીય વ્યવહારથી ફાયદો થયો હોત તો તેવા સંજોગોમાં આપનું તારણ શું હોત ? તેનાં જવાબમાં સાહેદે જણાવેલ છે કે, જો બેંકે ફાયદો નિયમોનું ઉલ્લંઘન કરી કર્યો હોત તો પણ મારૂ તારણ આ જ હોત.

(૨૫).. વધુમાં સાહેદે પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, આંક–૪૬ થી ૫૨ ના રીટર્ન અને આંક–૫૩ થી ૬૬ ના રીવાઈઝડ રીટર્નના દસ્તાવેજોમાં ગવર્મેન્ટ સીકયોરીટીના વ્યવહારો બતાવેલા છે તે બાબતની હાલની ફરિયાદ છે. એ વાત ખરી છે કે, આંક–૪૬ થી ૫૨ નાં દસ્તાવેજોમાં આરોપી બેંકે ગવર્મેન્ટ સીકયોરીટીની જે તે વિગતો દર્શાવેલ છે. એ વાત ખરી છે કે, રીવાઈઝડ રીટર્નમાં બેંક પાસેથી ફોર્મ નં.૯ મંગાવેલ નથી. મને રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનાં પત્રની ઝેરોક્ષ આંક–૯૮ બતાવવામાં આવે છે તે બેંકને લખેલ પત્ર છે. એ વાત ખરી છે કે, રીઝર્વ બેંક તરફથી જે સુચના આપવામાં આવે તેનો અમલ આરોપી બેંકે કરવો જોઈએ. એ વાત ખરી છે કે, આંક–૯૮ માં જણાવેલ સુચના મુજબ આંક–૫૩ થી ૬૬ નાં દસ્તાવેજોમાં અધર એસેટસ તરીકે ગવર્મેન્ટ સીકયોરીટીના વ્યવહારો આરોપી

બેંકે બતાવેલ છે. એ અંગે મેં કોઈ તપાસ કરી નથી કે, રીઝર્વ બેંકના મજકુરના પત્ર મુજબ ફોર્મ નં.૧ અને ૯ સાથેના સ્ટેચ્યુટરી રીટર્ન આરોપી બેંકે ફરીથી રજુ કરેલ કે કેમ. તપાસના કામે જે જે માહિતીની જરૂર હતી તે બેંકે મને આપેલી. એ વાત ખરી નથી કે, તહોમતદાર બેંકે હોમટ્રેડ સામે છેતરપિંડી કર્યા હોવાની હકીકત ધ્યાન પર લાવેલ. એ વાત ખરી છે કે, આંક–૪૬ થી ૫૨ ના દસ્તાવેજોમાં કાયદા મુજબ જેવી રીતે માહિતી આપવી જોઈએ તે આપેલ નથી અને ખોટા નિવેદનો આપેલા છે, એ વાત ખરી છે કે, તેથી હાલની ફરિયાદ આપેલ છે. એ વાત ખરી છે કે, જો એસ.એલ.આર.નો રેસીયો જાળવવામાં ન આવે તો રીઝર્વ બેંક આરોપી બેંકને પેનલ્ટી કરી શકે. રીકવરી પેનલ્ટીની કેવી રીતે થાય તે અંગેની જોગવાઈ બેંકીગ રેગ્યુલેશન એકટમાં છે તે મને મોઢે યાદ નથી. બેંકીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ–૪૬,૪૭ હેઠળ પેનલ્ટીની લેવાની, રીકવરી કરવાની તથા અન્ય પગલા લેવાની જોગવાઈ છે. એ હકીકત હું જાણતો નથી કે, તહોમતદાર બેંકને સ્ટેચ્યુટરી લીકવીડીટી રેશીયો યોગ્ય નહીં જાળવવા માટે પેનલ્ટી થઈ છે કે કેમ. એ વાતની મને ખબર નથી કે, જુલાઈ–૨૦૦૩ ના અરસામાં એલ.એસ.આર.નો રેશીયો ન જાળવવા માટે આરોપી બેંકને રૂા. ૫૧૪/– ની પેનલ્ટી કરવામાં આવેલી કે કેમ, અને તે રીતે જુન–૨૦૦૪ ના પત્રથી રીઝર્વ બેંકે આરોપી બેંકને રૂા.૪૧,૧૬,૯૬૦/– ની પેનલ્ટી એસ.એલ.આર.નો રેશીયો ન જાળવવા માટે કરેલ કે કેમ તેની મને જાણ નથી. એ વાત ખરી છે કે, આંક–૪૨ ના મારા ચકાસણી રીપોર્ટમાં એસ.એલ.આર.નો રેસીયો ન જાળવવાના ચોકકસ સમયગાળો કે બનાવ દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મેં તે અંગે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૪૨ નો ચકાસણીનો રીપોર્ટ મને ચકાસણી દરમ્યાન શંકા વ્યકત કરતો રીપોર્ટ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી શંકાના સમાધાન અંગેનો રીપોર્ટ છે. એ વાતની મને ખબર નથી કે, ગવર્મેન્ટ સીકયોરીટીના ખરીદ વેચાણના પ્રસંગે કોઈ નિર્ધારિત ટ્રાન્સફર ફોર્મ હોય છે. એ વાતની મને માહિતી નથી કે, ટ્રાન્સફર ફોર્મ ઉપર ખરીદનાર અને વેચનારની સહીઓ થાય છે અને ત્યાર બાદ એ ફોર્મ રીઝર્વ બેંકને મોકલવામાં આવે છે. તહોમતદાર બેંકમાં તપાસમાં જવાનો મારો હેતુ હતો કે, આરોપી બેંકે હોમટ્રેડ નામની બ્રોકર ફર્મ સાથે ગવર્મેન્ટ સીકયોરીટીની લે વેચના વ્યવહારો કર્યા છે કે કેમ અને તેમાં આરોપી બેંકનાં નાણાં ફસાયા છે કે કેમ અને તેની સામે સીકયોરીટી રીસીવ કરી છે કે કેમ, તે જોવાનુ હતુ. આ મુજબની તપાસ કરવાનો કોઈ લેખિત આદેશ મને આપવામાં આવેલ કે કેમ તે મને યાદ નથી, પરંતુ એવો આદેશ આપવામાં આવેલો

તેવો આદેશ રજુ કરવાનો હોય તો તે મારા વકીલશ્રી કહેશે તો રજુ કરીશ અને તેવો હુકમ રેકર્ડમાં છે કે કેમ તે મને ચોકકસ ખબર નથી. તહોમતદાર બેંકનાં ડીરેકટરો મારી તપાસ વખતે કોણ હતા તેની મેં જાણકારી લીધેલ નથી. સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, આંક–૪૨ ના રીપોર્ટના પેરા નં.૪ માં જણાવેલ આઈટમ નં.૧ થી ૧૦ ના વ્યવહારો કયા આરોપીએ કરેલા ? તેનાં જવાબમાં જણાવેલ છે કે, ફરિયાદમાં જણાવેલ તમામ તહોમતદારોએ તે વ્યવહાર કરેલા. તહોમતદાર બેંકે કરેલા કરારોમાં તમામ આરોપીઓની સહી છે કે કેમ તે અંગે પુછતાં જણાવું છું કે, તમામ તહોમતદાર દ્વારા નિયુકત કરેલ વ્યકિતઓએ તે સહીઓ કરેલ છે. તે નિયુકિત કરેલ વ્યકિતઓ બોર્ડના ઠરાવથી થયેલ છે અને તેવી નિયુકિત કરેલ વ્યકિતઓએ કોન્ટ્રાકટ ઉપર સહી કરેલ છે અને કઈ વ્યકિતઓએ સહી કરેલ તે કોન્ટ્રાકટ જોયા વગર હું કહી શકું નહિં. સહી કરનાર વ્યકિતઓ કેટલા હતા તે મને ચોકકસ યાદ નથી.એ વાત ખરી છે કે, તે કરારમાં તમામ તહોમતદારોએ સહી કરેલ નથી. આરોપી બેંકનો વહીવટ ચીફ એકઝીકયુટીવ ઓફિસર કરતા હોય છે. તે તપાસ વખતે કોણ હતા તે મને મોઢે યાદ નથી. આંક–૪૨ નો રીપોર્ટ જોઈને કહું છું કે તેમાં ચીફ એકઝીકયુટીવ ઓફિસર તે વખતે કોણ હતુ તેનો ઉલ્લેખ કરેલ નથી. આંક–૪૨ ના રીપોર્ટમાં તહોમતદાર બેંક સામે પ્રોસીકયુશન કરવા માટે કોઈ અભિપ્રાય આપેલ નથી. મારી તપાસ દરમ્યાન બેંકીગ રેગ્યુ.ની જોગવાઈનો ભંગ થાય છે તેવા તારણ પર હું આવેલો અને મેં જે તપાસ કરી તેનું તારણ આંક–૪૨ ના રીપોર્ટમાં ઉલ્લેખ કરેલ છે. બેંકીગ રેગ્યુ.એકટની જોગવાઈનો ભંગ થાય તો પ્રોસીકયુશન કરવું જરૂરી નથી. એવું પણ જરૂરી નથી કે, બેંકીગ રેગ્યુ.એકટની જોગવાઈનો ભંગ થાય તો પેનલ્ટી કે પ્રોસીકયુશન બેંક ઉપર કરવામાં આવે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે રીઝર્વ બેંકની મુનસબી ઉપર છે. એ વાત ખરી છે કે, આંક–૭૩ નો દસ્તાવેજ એસ.એલ.પરમાર એકઝીકયુટીવ ડાયરેકટરની સહીવાળો છે. આંક–૭૩ સેશન્સ આપનાર અધિકારીને સેશન્સ આપવાની સત્તાનો ઉલ્લેખ સેશન્સમાં છે, પરંતુ તે અંગેનો તે આધાર આ કામે રજુ કરેલ છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, હોમટ્રેડ નેશનલ સ્ટોક એક્ષચેન્જમાં નોંધાયેલ શેરબ્રોકર હતા. એ વાત ખરી નથી કે, હોમટ્રેડ લીમીટેડ ગવર્મેન્ટ સીકયુરીટીના ખરીદ વેચાણ અંગેનાં નાણાંકીય વ્યવહાર કરવા માટે નેશનલ સ્ટોક એક્ષચેન્જમાં નોંધાયેલ શેરબ્રોકર હતા. શેરબ્રોકર અને સ્ટોક બ્રોકર અલગ અલગ વ્યકિત છે કે કેમ અને તેઓની શી કામગીરી છે તે અંગે હું કહી શકું નહિં. એ અંગેની મને માહિતી નથી કે, હોમટ્રેડ લીમીટેડ નેશનલ સ્ટોક એક્ષચેન્જ

ખાતે રજીસ્ટ્રેશન નં. ૦૦૧૨૭૫૯ થી નોંધાયેલ સ્ટોક બ્રોકર છે. એ વાત ખરી છે કે, મારા આંક–૪૨ ના ચકાસણી રીપોર્ટમાં હોમટ્રેડ લીમીટેડ એન.એસ.સી. કે ઈ.એસ.સી. ખાતે નોંધાયેલ પેઢી છે કે કેમ તે અંગે કોઈ સંદર્ભ નથી. એ વાત ખરી છે કે, આ કામના ફરિયાદી સ્વામી સાહેબે તહોમતદાર બેંકની મુલાકાત લીધી નથી કે ફરિયાદ વાળા વ્યવહાર અંગે તેઓએ જાત તપાસ કરી નથી. એ વાત ખરી છે કે, આંક–૪૨ ના પેરા–૪ ના આઈટમ નં.૯ અને ૧૦ ના કરાર બેંકે સ્વીકારેલા નહિં. એ વાત ખરી છે કે, આઈટમ નં.૯ અને ૧૦ ની ડીલીવરી માટે બેંકે આગ્રહ રાખેલો નહિં. એ વાત ખરી છે કે, આંક–૪૨ નાં રીપોર્ટમાં જણાવેલ ગવર્મેન્ટ સીકયુરીટીના ખરીદ માટે ખરીદનારે તે સીકયુરીટી તેના નામે ચઢાવવા માટે ખરીદનારે વેલીડ ટ્રાન્સફર ફોર્મ સાથે સીકયુરીટીથી રીઝર્વ બેંક તે સીકયુરીટી ખરીદનારના નામે કરી આપે છે. રીપોર્ટમાં દર્શાવેલ ખરીદી, ખરીદેલ સીકયુરીટી આરોપી બેંકે રીઝર્વ બેંકને ટ્રાન્સફર કરવા માટે મોકલી હતી કે કેમ તેની મને માહિતી નથી અને તે અંગે મને કોઈ તપાસ કરવી જરૂરી ન હોય તે અંગે તપાસ કરેલ નથી.

(૨૬).. ફરિયાદ પક્ષ તરફે સાહેદ મહેન્દ્રભાઈ ભાણાભાઈ ટેલરને આંક–૧૪૨ થી તપાસેલા છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તેઓ ગણદેવી પીપલ્સ કો.ઓ.બેંકમાં એકાઉન્ટ તરીકે ૧૯૯૮ થી ફરજ બજાવે છે. આંક–૧૪૧ નાં લીસ્ટથી અસલ દસ્તાવેજો રજુ છે, જે લીસ્ટમાં તેમની સહી છે. નિ.૧૪૧/૧ થી ૧૪૧/૧૪ સુધી રજુ કરેલા દસ્તાવેજો બેંકે હોમટ્રેડ સાથે કરેલ નાણાંકીય વ્યવહાર અંગેના અસલ કાગળો છે, જેને આંક–૧૪૩ થી ૧૫૬ આપવામાં આવેલ છે.

જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં જણાવેલ છે કે, રજુ કરેલા દસ્તાવેજોની વિગતો અંગે તેમને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, કોર્ટના સમન્સ મુજબ આ દસ્તાવેજો રજુ કરેલા છે.

(૨૭).. સૌ પ્રથમ તો આ કામે ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૨૦,૨૧, ૩૫(એ૪, ૪૬,૪૭, ૫૬ તથા ઈ.પી.કોડ કલમ–૩૬ મુજબ હાલની ફરિયાદ દાખલ કરતાં, મારા પુરોગામીશ્રીએ આરોપીઓ વિરૂધ્ધ બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૪૬ તથા ૩૪ મુજબનાં ગુનાં સબબ પ્રોસેસ

ઈસ્યુ કરવા તા.૧૦/૦૬/૨૦૦૨ નાં રોજ હુકમ કરેલો અને ત્યાર બાદ આ કામે વોરન્ટ ટ્રાયેબલ કેસ હોય, મારા પુરોગામીશ્રીએ ફરિયાદ પક્ષનો ચાર્જાનો પુરાવો રેકર્ડ કર્યા બાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૪૬(૧) થી ૪૬(૪) મુજબનાં ગુનાં સબબ અને તેની સાથે વાંચતા ઈ.પી.કોડની કલમ–૩૪ મુજબ તહોમતનામું ફરમાવવા હુકમ કરેલ છે અને તે મુજબ આંક–૨૩૯ થી મારા પુરોગામીશ્રીએ આરોપીઓ સામે એવુ તહોમતનામું ફરમાવેલ કે, "તહો આરોપીઓએ હોમટ્રેડ જેવી મુંબઈની સંસ્થાને બેંક વતી સરકારી જામીનગીરીમાં રોકાણ કરવા માટે રૂા. ૨.૯૦ કરોડની રકમ આપેલ છે અને આ રકમ સબબ કોઈ સીકયોરીટી મેળવેલ નથી અને ફેબ્રુઆરી–૨૦૦૧ થી ખોટી માહિતીઓ, ખોટા અહેવાલો રજુ કરી સાચી હકીકત છુપાવી બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૪૬ નું ઉલ્લંઘન સામાન્ય ઈરાદાથી કરેલ છે. તેમ કરી તમો આરોપીઓએ બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૪૬ સાથે વાંચતા ઈ.પી.કોડ કલમ–૩૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલાનું તહોમત ફરમાવેલ છે."

(૨૮).. બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૪૬ ની જોગવાઈઓ ધ્યાને લેતાં

The Banking Regulation "Act, 1949 Sec. 46-Penalties ::

1. Whoever in any return, balance-sheet or other document [or any information required or furnished] by or under or for the purposes of any provision of this Act, wilfully makes a statement which is false in any material particular. knowing it to be false, or wilfully omits to make a marerial statement, shall be punishable with imprisonment for a term which mey extend to three years and shall also be liable to fine.
2. If anyperson fails to produce any book, account or other document or to furnish any statement or information which under sub-section (2) of section 35 it is his duty to produce or furnish, or to answer any question relating to the business of a banking company which is asked by [an officer making an inspection or scrutiny under that section] he shall be punishable with a fine which may extend to [two thousand rupees] in respectof each offence, and if he persists in such refusal, to a further fine which may extend to [one hundred rupees] for every day during which the offence continues.
3. If any deposits are received by a banking company in contravention of an order under clause (a) of sub-section (4) of

Section 35, every Director or other officer of the banking company, unless he proves that the contravention took place without his knowledge or that he exercised all due diligence to prevent it shall be deemed to be guilty of such contravention and shall be punishable with a fine which may extend to twice the amount of the deposits so received.

4. If any other provision of this Act is contravened or if any default is made in,-
   (i) complying with any requirement of this Act or of anyorder, rule or directionmade or condition imposed thereunder, or
   (ii) carrying out the terms of, or the obligations under, a scheme sanctioned under sub-section (7) of section 45.

   by any person, such person shall be punishable withfine which may extend to [fifty thousand rupees or twice the amount involved in such contravention or default where such amount is quantifiable, whichever is more, and where a contravention or default is a continuing one, with a further fine which may extend to two thousand and five hundered rupees] for every day, during which the contravention or default continues.]
5. Where a contravention or default has been committed by a company, every person who, at the time the contraventionor default was committed, was in charge of, and was responsible to, the company, for the conduct of the business of the company, as wellas the company, shall be deemed to be guilty of the contravention or default land shall be liable to be proceeded against and punished accordingly.

કલમ–૪૬ (૧) મુજબ ત્રણ વર્ષની સજાને પાત્ર હોય, આ કામ વોરન્ટ ટ્રાયેબલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે. જેથી આ કામે આંક–૨૩૯ થી ચાર્જનો પુરાવો લીધા બાદ આરોપીઓની પ્લી આંક–૨૪૦ થી ૨૫૩ મુજબ રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાંનો ઈન્કાર કરેલો છે. અને ત્યાર બાદ આ કામે તા.૧૫/૦૯/૨૦૧૦ નાં રોજ ફરિયાદ પક્ષનાં વધુ પુરાવા માટે મુલતવી રાખવામાં આવેલ અને ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે સાહેદ અરવિંદભાઈ હીરાલાલ ગુજરી ગયેલાનું જાહેર કરેલ છે અને તે અગાઉ આંક–૨૫૬ થી તે જ તારીખે ફરિયાદ પક્ષ તરફે કોઈ મૌખિક પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે. આમ, આંક–૨૫૬ થી ફરિયાદ પક્ષ તરફે કોઈ પુરાવો આપવો નથી તેવું સ્પષ્ટ જાહેર કરેલાનું રેકર્ડ ઉપરથી જણાય આવે છે, અને તે સંજોગોમાં બચાવ પક્ષે આંક–૨૬૦ થી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૬(૪) ની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે મૌખિક રીતે જે સાહેદોનો ચાર્જનો પુરાવો આપવામાં આવેલ છે તે સાહેદોની ઉલટતપાસ કરવા માંગે છે કે કેમ તે અંગે આદેશ કરેલ નથી, જેથી તે મુજબનો

આદેશ ફરમાવવા માંગણી કરતી અરજી બચાવ પક્ષે રજુ કરેલ છે અને આંક–૩૪ નાં સાહેદ અરવિંદભાઈ હીરાલાલ શાહ તથા આંક–૧૪૨ નાં સાહેદ મહેન્દ્રભાઈ ભાણાભાઈ ટેલરની વધુ ઉલટતપાસ અમો કરવા માંગીએ છીએ, પરંતુ સાહેદ અરવિંદભાઈ અવસાન પામેલા છે તેવા સંજોગોમાં તેઓની ઉલટતપાસ ન થઈ શકે તેવી ઉલટતપાસનાં અમારા હકકો કાયમ રાખી, સાહેદ મહેન્દ્રભાઈને રીકોલ કરવા ઉલટતપાસ કરવા પરવાનગી આપવા અરજી કરતાં, મારા પુરોગામીશ્રીએ બચાવ પક્ષની અરજી તા. ૩૦/૦૪/૨૦૧૧ નાં રોજ મંજુર કરેલ અને તે તારીખે કામ આંક–૧૪૨ થી તપાસેલ સાહેદની ઉલટતપાસ માટે મુલતવી રાખવાભમાં આવેલ અને ત્યાર બાદ આંક–૨૭૬ થી ફરિયાદ પક્ષ તરફે એવીડન્સ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈઓ પ્રમાણે જે વ્યકિતને ફકત દસ્તાવેજ રજુ કરવા માટે બોલાવવામાં આવ્યા હોય તે કાયદેસરનાં સાહેદ ગણાતા નથી અને તેથી એવી વ્યકિતની ઉલટતપાસ કરવા સામે કાયદાથી પ્રતિબંધિચત હોય, જેથી સદર સાહેદની ઉલટતપાસ કરવાનો બચાવ પક્ષને કોઈ અધિકાર નથી તેવું જાહેર કરતી પુરશીશ આપેલ છે, જે રેકર્ડ કરી અમારા પુરોગામીશ્રીએ આ કામ આરોપીઓનાં એફ.એસ. માટે મુલતવી રાખેલ તેવું રેકર્ડ ઉપરથી જણાય આવે છે. અને તે અંગે વિચારતાં આ કામે આંક–૧૦૫ થી ફરિયાદ પક્ષે સદર સાહેદ મહેન્દ્રભાઈને રેકર્ડ રજુ કરવા તથા પુરાવો આપવા માટે અદાલતમાં સાહેદ તરીકે હાજર રાખવાની અરજી આપેલ જે મારા પુરોગામીશ્રીએ મંજુર કરેલ અને તે અનુસંધાને સદર સાહેદ મહેન્દ્રભાઈની જુબાની આંક–૧૪૨ થી રેકર્ડ કરવામાં આવેલ છે અને તેઓએ તેમની જુબાની મુજબ આંક–૧૪૩ થી ૧૫૬ મુજબનાં હોમટ્રેડ સાથે થયેલા કહેવાતા કોન્ટ્રાકટ રજુ કરેલા છે અને જે તે વખતની ઉલટતપાસ દરમ્યાન સદર સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે, રજુ કરેલ દસ્તાવેજોની વિગતો અંગે મને કોઈ જાતમાહિતી નથી અને કોર્ટનાંહુકમ મુજબ અમોએ દસ્તાવેજો રજુ કરેલા છે.તે સંજોગોમાં આંક–૨૭૬ ની પુરશીશ અનુસંધાને સદર સાહેદની વધુ કોઈ ઉલટતપાસ આ કામે રેકર્ડ કરવામાં આવેલ નથી.

(૨૯).. સૌ પ્રથમ તો આ કામે ફરિયાદ પક્ષ તરફે હાલની ફરિયાદ આપનાર મૂળ ફરિયાદીને સોગંદ ઉપર તપાસેલા નથી. આ કામે આંક–૩૪ થી સાહેદ અરવિંદભાઈ હીરાલાલ શાહ ને સોગંદ ઉપર તપાસેલા છે, પરંતુ સદર સાહેદ ગુજરી જતાં તેઓની કોઈ વધુ ઉલટતપાસ થઈ શકેલ નથી. જેથી આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કર્યા બાદ રેકર્ડ ઉપર ફરિયાદ પક્ષે અન્ય કોઈ સાહેદને પણ તપાસેલા નથી

તેવું સ્પષ્ટ જણાય આવે છે. આમ, બચાવ પક્ષનાં અધિકાર અંગે વિચારતા સૌ પ્રથમ તો એવીડન્સ એકટની કલમ–૧૩૭ ઘ્યાને લેવામા આવે તો તેમાં સરતપાસ, ઉલટતપાસ અને ફેરતપાસ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે અને માત્ર દસ્તાવેજી પુરાવા રજુ કરવાનાં સાહેદો બાબતે કાયદાનુસાર સાબિત કરવાનાં ન હોય તેવા દસ્તાવેજોનાં સંબંધમાં સાક્ષીની ઉલટતપાસ ન કરેલ નિવેદન પણ એવું ઠરાવવા માટે પુરતું કહી શકાય નહિં કે તે દસ્તાવેજ સાબિત કરવામાં આવ્યો છે, અને કોર્ટ દ્વારા માત્ર આંક આપવામાં આવ્યા હોય તેથી કોર્ટ કાયદાનુસાર દસ્તાવેજ સાબિત કર્યા વિનાં ચલાવી લે નહિં, આવો દસ્તાવેજ સાબિત આપો આપ થઈ જતો નથી અને આમ કાયદા દ્વારા સાબિત ન થાય ત્યાં સુધી તેને આંક આપવો જોઈએ નહિં. અને તેની સાથે એવીડન્સ એકટની કલમ–૧૩૮ ઘ્યાનમાં લેતાં તપાસનાં ક્રમ બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે અને તે રીતે જોતાં સાક્ષીની સરતપાસ થયા બાદ સદર સાહેદની ઉલટતપાસ કરવાનો બચાવ પક્ષને સ્પષ્ટ અધિકાર રહેલો છે અને તેઓને મળેલ અધિકારનો ઉપયોગ બચાવ પક્ષ ન કરે અને બચાવ પક્ષને તેવો અધિકાર આપવામાં ન આવે તેમાં આભ–જમીનનો વિરોધાભાસ છે અને સ્વાભાવિક છે કે, બચાવ પક્ષને સાહેદની ઉલટતપાસ કરવાનો હકક ન મળ્યો હોય ત્યારે બચાવ પક્ષને પ્રેજયુડાઈઝ થવાની પુરેપુરી સંભાવના રહેલી છે.

(૩૦).. વધુમાં સાથે સાથે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૪ અને ૨૪૬ ઘ્યાને લેવામાં આવે તો, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૪ માં સ્પષ્ટ જોગવાઈ કરેલ છે કે, જયારે પોલીસ અહેવાલ પરથીહોય તે સિવાય દાખલ થયેલા વોરન્ટ કેસમાં આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થાય અથવા તેને લાવવામાં આવે ત્યારે મેજીસ્ટ્રેટ ફરિયાદ પક્ષને સાંભળશે તથા ફરિયાદ પક્ષનાં સમર્થનમાં રજુ કરવામાં આવે તે તમામ પુરાવો લેશે. આમ, આ કામે ફરિયાદ પક્ષનો જે કોઈ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તે ચાર્જ પહેલાનો પુરાવો છે અને તે અનુસંધાને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૬(૪) ઘ્યાને લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે, જો આરોપી ગુનાંનો ઈન્કાર કરે ત્યારે અને પેટા કલમ–૩ નીચે સજા ન કરી હોય ત્યારે ફરિયાદ પક્ષનાં જે સાહેદોનો પુરાવો લેવામાં આવ્યો હોય તે પૈકી કોઈ સાહેદોની ઉલટતપાસ આરોપી કરવા ઈચ્છે છે કે કેમ અને કરવી હોય તો કયા સાહેદની, તે કેસની ત્યાર પછીની સુનાવણીના સમયે અથવા તેને યોગ્ય જણાય તો કારણો નોંધીને ત્યારે જ

કહેવા જણાવશે. તથા ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૬ ની પેટા કલમ–૫ માં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે, આરોપી તેમ કરવા ઈચ્છતા હોય તો તેણે જણાવેલ સાહેદને ફરીથી બોલાવવામાં આવશે અથવા ઉલટતપાસ જો હોય તો તેની ફેરતપાસ બાદ જવા દેવામાં આવશે અને પેટા કલમ–૬ માં ત્યાર બાદ ફરિયાદ પક્ષનાં બાકી રહેલા સાહેદોનો પુરાવો લેવામાં આવશે તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે.

(૩૧).. તો ઉપરોકત જોગવાઈ બાબતે વિચારતાં આ કામે ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ સામે ચાર્જ ફ્રેમ કરતા અગાઉ આંક–૩૪ થી સાહેદ અરવિંદભાઈ તથા આંક–૧૪૨ થી સાહેદ મહેન્દ્રભાઈને સોગંદ ઉપર તપાસેલા છે અને આ કામે આંક–૨૬૦ થી બચાવ પક્ષે ચાર્જ અગાઉ લેવાય ગયેલા સાહેદોને તપાસવા માટે માંગણી કરેલ, પરંતુ સાહેદ અરવિંદભાઈ ગુજરી જવાથી તેઓની ઉલટતપાસ થઈ શકેલ નથી અને આંક–૧૪૨ થી તપાસેલ સાહેદ બાબતે આંક–૨૭૬ થી માત્ર રેકર્ડ રજુ કરનાર સાક્ષી તરીકે ફરિયાદ પક્ષે પુરશીશ જાહેર કરેલ છે, તે સંજોગોમાં સદર સાહેદની પણ સોગંદ ઉપર ઉલટતપાસ થયેલ નથી અને આ કામે ફરિયાદ પક્ષ તરફે કોઈ વધુ પુરાવો આપવા માંગતા નથી તેવું આંક–૨૫૬ ની પુરશીશથી જાહેર કરેલ છે.

(૩૨).. આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને રાખતાં આ કામે બચાવ પક્ષને રેકર્ડ ઉપર તપાસેલ સાહેદોની ચાર્જ ફ્રેમ કર્યા પછી ઉલટતપાસ કરવાની કોઈ જ તક સાંપડેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને રાખતાં તહોમતનામું ઘડવામાં આવેલ ત્યાર બાદ આરોપીઓને, પહેલા તપાસવામાં આવેલ સાહેદોની વિશેષ ઉલટતપાસ કરવાનો જે અધિકાર મળેલ છે, તેવો અધિકાર તેઓને મળેલ ન હોય તો તેવા સંજોગોમાં આવો પુરાવો આરોપીઓની વિરૂઘ્ધમાં વાપરી શકાય નહિં અને જો વાપરવામાં આવે તો ઉપરોકત જોગવાઈઓનો સ્પષ્ટપણે ભંગ થતો હોવાનું અને આરોપીઓને તેનાં બચાવની તક આપવામાં આવેલ નથી તેવી પરિસ્થિતિ ઉભી થવાની પુરેપુરી સંભાવના છે અને આમ એકમાત્ર રેકર્ડ ઉપર પડેલ પડકાર્યા વગરની જુબાની ઉપર આધાર રાખી જો આરોપીઓ વિરૂઘ્ધમાં કોઈ હુકમ કરવામાં આવે તો તે કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો વિરૂઘ્ધ ગણાય અને આરોપીઓ વિરૂઘ્ધ ઉપયોગમાં લેવામાં આવેલ પુરાવો આરોપીઓ માટે ઘાતક બને તેવી પણ સંભાવના નકારી શકાય નહિં અને આમ,ઉપરોકત સંજોગોમાં આરોપીઓને આવા પુરાવા સામે પૂર્વગ્રહ થવાની

પણ પુરેપુરી સંભાવના નકારી શકાય નહિં તેવું સ્પષ્ટ આ અદાલતનું માનવું છે.

(૩૩).. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને રાખતાં આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૪૨ થી તપાસેલ સાહેદ મહેન્દ્રભાઈની જુબાની દરમ્યાન આંક–૧૪૩ થી ૧૫૬ મુજબનાં કહેવાતા જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે માત્ર દસ્તાવેજો જે જગ્યાએ હતા ત્યાંથી લાવીને રજુ કરેલા છે, પરંતુ તે દસ્તાવેજોની હકીકત ફરિયાદ પક્ષે પુરવાર કરવામાં આવેલ નથી તેવું સ્પષ્ટ માનવાને કારણ રહે. કારણ કે તે કોન્ટ્રાકટ કયા સંજોગોમાં, કેવી શરતોને આધિન થયેલો તે બાબતે પણ રેકર્ડ ઉપર કોઈ સ્પષ્ટતા ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ નથી તેમજ બચાવ પક્ષે સદર કોન્ટ્રાકટ ઉપર બેંકનાં કોઈ કર્મચારીની સહી નહિં હોવાની પણ તકરાર છે. તે સંજોગોમાં ખબર સદર કરારો હોમટ્રેડ સાથે જ આરોપી બેંકે ફરિયાદી રીઝર્વ બેંકનાં કોઈ પરિપત્રનો ભંગ કરી, કોન્ટ્રાકટ કરેલાની હકીકત ફરિયાદ પક્ષ તરફે કોઈ જ રીતે પુરવાર કરવામાં આવેલ નથીકે તેવા કરાર ઈરાદાપૂર્વક આરોપીઓએ કરેલાની હકીકત માની શકાય નહિં તેવું સ્પષ્ટ ઉપરોકત જોગવાઈઓને આધિન જણાય આવે છે.

(૩૪).. વધુમાં આ કામે ફરિયાદ પક્ષે આરોપી ઉપર એવા આક્ષેપ કરેલ છે કે, આરોપી બેંકે રીઝર્વ બેંકનાં પરિપત્રનું પાલન કરેલ નથી. તો તે અંગે વિચારતા, આ કામે આંક–૮૧ થી રીઝર્વ બેંકનો તા. ૦૯/૦૮/૨૦૦૧ નો પરિપત્ર રજુ કરેલો છે અને તેમાં કો–ઓપરેટીવ બેંક એન.ડી.પી.એલ. પચ્ચીસ કરોડ ઉપર હોય તો એસ.જી.એલ. એકાઉન્ટ ખોલાવવા માટે જણાવવામાં આવેલ છે, પરંતુ આ કામે આરોપી બેંકનું ટર્ન ઓવર પચ્ચીસ કરોડ ઉપર હતું તેવું દર્શાવતો ફરિયાદ પક્ષ તરફે કોઈ જ સ્પેસીફીક પુરાવો રજુ કરેલ નથી તેવું સ્પષ્ટ રેકર્ડ ઉપરથી જણાય આવે છે.

(૩૫).. વધુમાં આ કામનાં આરોપીઓએ રીઝર્વ બેંકને રીટર્ન મોકલી આપેલા તે રીટર્નમાં ખોટી વિગતો દર્શાવેલાનો આક્ષેપ કરેલો છે, જે રીટર્નો આ કામે આંક–૪૬ થી ૫૨ સુધીનાં રજુ કરેલા છે અને તેનાં રીવાઈઝ રીટર્ન આંક– ૫૩ થી ૬૬ મુજબ રજુ કરેલા છે અને તે બંને રીટર્નમાં તફાવત હોવાનાં કારણે આરોપી બેંકે અગાઉનાં રીટર્નમાં ખોટી હકીકતો દર્શાવેલાનો આક્ષેપ છે અને તેમ કરી બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૨૦, ૨૧ અને ૩૫(એ) મુજબ બેંકનાં પરિપત્રનું પાલન ન

કરી તથા ખોટી વિગતો પુરી પાડી કલમ–૪૬ મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૩૬).. આમ, ઉપરોકત આક્ષેપ બાબતે વિચારતાં સૌ પ્રથમ તો આ કામે જે રીવાઈઝ રીટર્ન રજુ કરેલ છે તે રીટર્ન આંક–૧૮ નાં પત્રથી રીઝર્વ બેંકની માંગણી મુજબ જ રીવાઈઝ રીટર્ન મોકલવામાં આવેલ છે તેવું સ્પષ્ટ આંક–૯૮ ઉપરથી જણાય આવે છે અને તે અંગે અગાઉ આંક–૩૪ થી તપાસેલ સાહેદ અરવિંદભાઈની ઉલટતપાસ દરમ્યાન પણ તે હકીકત નીકળી આવેલ છે. તે સંજોગોમાં આરોપી બેંકે ઈરાદાપૂર્વક આંક–૪૬ થી ૫૨ મુજબનાં રીટર્ન રીઝર્વ બેંકને મોકલેલા હોવાનું વિરૂઘ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી, કોઈ રીતે માનવાને કારણ રહે નહિં. કારણ કે આ કામે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂઘ્ધ ચાર્જ ફ્રેમ કર્યા બાદ કોઈ જ પુરાવો આપેલો નથી. ફરિયાદીને પણ આ કામે તપાસવામાં આવેલા નથી. આંક–૩૪ થી તપાસેલ સાહેદની પણ વધુ ઉલટતપાસ કરવાની બચાવ પક્ષને કોઈ જ તક મળેલ નથી તો તે સંજોગોમાં રેકર્ડ ઉપરની ઉલટતપાસને સંપૂર્ણ રીતે ડીસ્કાર્ડ ન કરતા, ઉલટતપાસ દરમ્યાન સદર સાહેદે જે હકીકતો જણાવી છે તે આ તબકકે ઘ્યાને લેવાનું જરૂરી ગણું છું અને તે રીતે જોતાં હાલનાં સાહેદ કે જે બેંકનું ઈન્સ્પેકશન કરનાર છે અને તેઓએ આંક–૪૨ થી બેંક વિરૂઘ્ધ જે રીપોર્ટ કરેલ તે રીપોર્ટનાં આધારે આ પ્રકરણ ઉભુ થયેલ છે અને તે અંગે હાલનાં સાહેદની ઉલટતપાસ ઘ્યાને લેતાં તેઓએ સ્પષ્ટ જણાવેલ છે કે, આરોપી બેંકે પત્રકો નિયત સમયમાં મોકલાવ્યા નહી તે હું આજની તારીખે કહી શકું નહી. પત્રકો મોડા મોકલવા બદલ રીઝર્વ બેંકે કોઈ શિક્ષાત્મક પગલા આરોપી બેંક સામે લીધા છે કે કેમ તેની મને માહિતી નથી. એ વાત ખરી છે કે, આંક–૪૬ થી ૫૨ ના જે તે દસ્તાવેજો આરોપી બેંકે આર.બી.આઈ.ને મોકલેલ છે અને જે તે તારીખે રીઝર્વ બેંકને મળેલ છે તે સાચુ છે. એ વાત પણ સાચી છે કે, આ દસ્તાવેજો મળેથી તેની ચકાસણી એક માસની અંદર થયેલી આંક–૪૬ થી ૫૨ ના દસ્તાવેજોની ચકાસણી બાદ આ દસ્તાવેજોમાં કોઈ વાંધાજનક જણાયેલુ નહિં અને તેથી આરોપી બેંકને કોઈ ડીમાન્ડ નોટિસ આપવામાં આવી નથી કે તે અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. તો આ હકીકત અંગે વિચારતા આંક–૪૬ થી ૫૨ ના જે રીટર્ન રીઝર્વ બેંકને મોકલવામાં આવેલા તે સાચા અને ખરા હોવાનું સ્પષ્ટ રીતે માનવાને કારણ રહે. જેથી સદર સાહેદનાં એડીમીશનથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામનાં આરોપીએ જે રીટર્ન મોકલેલા ક્ષતિ રહિત હતા અને તે સંજોગોમાં આ કામે આરોપી

બેંકે રીઝર્વ બેંકને કઈ માહિતી ખોટી મોકલેલ તે અંગે રેકર્ડ ઉપર બીજો કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૩૭).. આંક–૮૧ નાં પરિપત્ર બાબતે હાલનાં સાહેદે સ્પષ્ટ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, એસ.જી.એલ એકાઉન્ટ આરોપી બેંકે ખોલવાનો ફરજીયાત હતો. એસ.જી.એલ. એકાઉન્ટ એટલે ગર્વમેન્ટ સીકયોરીટી અંગેનો એકાઉન્ટ. ફરિયાદ આપી ત્યારે રૂા. ૨૫/– કરોડથી વધુ થાપણ ધરાવતી બેંકોએ જ એસ.જી.એલ. એકાઉન્ટ ખોલાવવુ પડે છે તેવી કોઈ સુચના રીઝર્વ બેંક તરફથી મળી હોય તેવો મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, એસ.જી.એલ. એકાઉન્ટ ખોલવા માટે રીઝર્વ બેંક તરફથી તાબાની બેંકોને સુચના આપવામાં આવે છે. અને આમ માત્ર પચ્ચીસ કરોડ ઉપર એન.ડી.પી.એલ. ધરાવતી બેંકો જ એસ.જી.એલ. એકાઉન્ટ ખોલાવવું ફરજયાત હોવાનું જણાવેલ છે, પરંતુ આરોપી બેંકનું પચ્ચીસ કરોડ ઉપર એન.ડી.પી.એલ. હતું તેવું ફરિયાદ પક્ષે સબળ રીતે કયાંય જણાવેલ નથી. વધુમાં હાલનાં સાહેદ સરકયુલર વાંચ્યા બાદ સ્પષ્ટ જણાવે છે કે, એસ.જી.એલ. એકાઉન્ટ ખોલવો જરૂરી હતો, પરંતુ ફરજીયાત ન હતું. એસ.જી.એલ. એકાઉન્ટ રીઝર્વ બેંકે ગણદેવી બેંકને ખોલાવવા માટે સુચના આપી છે કે કેમ તે હું તપાસ કરીને કહી શકું. હોમટ્રેડ સાથેનો વ્યવહાર હું અનસીકયોર્ડ એડવાન્સ તરીકે જણાવું છું. કોઈપણ ધિરાણના નિયમો રીઝર્વ બેંક અને રજીસ્ટ્રારે ઈસ્યુ કરેલ માર્ગદર્શન સિદ્ધાંતોને અનુસરીને હોય છે. આરોપી બેંક કો.ઓપ.બેંક છે તે હું જાણું છું. એ વાત ખરી છે કે, સહકારી બેંકમાં ધિરાણ અંગેનાં નિયમોની મંજુરી ફકત જીલ્લા રજીસ્ટ્રારે આપવાની હોય છે. બેંકનાં ધિરાણનાં નિયમો મેં જોયેલા નથી. આ નિયમની મંજુરી રજીસ્ટ્રારે આપેલ છે કે કેમ તે હું કહી શકું નહિં. એ વાત ખરી છે કે, આંક–૪૬ થી ૫૨ માં બેંકે જે રોકાણ કરેલ તે અંગેની વિગત આપેલ છે. આંક–૪૬ મુજબ બેંકે ૧૯૭.૫૦ લાખનું રોકાણ ગવર્મેન્ટ સિકયુરીટીમાં કરેલ હોવાનો ઉલ્લખે છે, પરંતુ તે મુજબનું રોકાણ બેંકે ગવર્મેન્ટ સીકયુરીટીમાં કરેલ નથી. અને તેવી જ હકીકતો જણાવેલ છે.મેં તે વ્યવહારો અંગેનાં કોઈ ઓડિટ રીપોર્ટ જોયા નથી. એ વાત ખરી છે કે, તહો.બેંક પાસે મેં જે જે દસ્તાવેજ માંગેલ તે તમામ બેંકે આપેલ. ગવર્મેન્ટ સીકયુરીટીના વ્યવહારો અંગે રીઝર્વ બેંક તરફથી એવા પરિપત્રો બહાર પાડેલ છે કે બેંકે અમુક જ બ્રોકર સાથે જ વ્યવહાર કરવો એટલે કે, અમુક કેટેગરીના બ્રોકર મારફત વ્યવહાર કરવા, એટલે કે, કોઈપણ ચોકકસ બ્રોકરનું નામ પરિપત્રમાં હોતુ

નથી. તો આ અંગે ફરિયાદ પક્ષે કોઈ જ પરિપત્ર આ કામે રજુ કરેલ નથી. જેથી આરોપી બેંકે રીઝર્વ બેંકનાં કોઈપણ પરિપત્રનો ભંગ કરેલાનું પણ પુરવાર થતું નથી તેવું સ્પષ્ટ રેકર્ડ ઉપરથી જણાય આવે છે. એ વાત ખરી છે કે, આરોપી બેંકે હોમટ્રેડ મારફત ગવર્મેન્ટ સીકયુરીટીના ખરીદ વેચાણ અંગે વ્યવહારો કરેલા છે. એટલે કે આ હકીકત જોતાં આરોપી બેંકે હોમટ્રેડમા કોઈ રોકાણ કરેલ હોય તેવું ફરિયાદીએ જણાવેલ નથી. હોમટ્રેડ સાથે થયેલ કરારો બાબતે જે સાહેદે જણાવેલ છે તેવા કોઈ કરારો આ કામે ફરિયાદ પક્ષે સાબિત કરવામાં આવેલા નથી અને આવા કોઈ કરારો આ કામે રજુ કરેલા નથી તેવું સ્પષ્ટ હાલનાં સાહેદે જણાવેલ છે. આંક—૪૨ નાં રીપોર્ટમાં મેં હોમટ્રેડમાં આરોપી બેંક સાથેનાં થયેલ વ્યવહારો અંગે ગંભીર શંકા વ્યકત કરેલ છે અને તે રીપોર્ટ આધારે હાલની ફરિયાદ દાખલ કરેલ છે અને ૨.૯૦ કરોડનું નુંકશાન એસ્ટીમેટેડ નુકશાન તરીકે દર્શાવેલ છે. એ વાત ખરી છે કે, આંક—૪૨ નાં રીપોર્ટમાં મેં એકચ્યુઅલ લોસ આપેલ નથી, પરંતુ એસ્ટીમેટેડ લોસ તરીકે રકમ બતાવેલ છે. અને હોમટ્રેડ સાથે વ્યવહાર કરેલા તેથી ખોટ ગયેલી તેનાં આધારે હું આ તારણ ઉપર આવેલો. આંક—૫૩ થી ૬૬ નાં રીવાઈઝ રીટર્ન દસ્તાવેજોમાં ગવર્મેન્ટ સીકયોરીટીનાં વ્યવહારો બતાવેલા છે તે બાબતની હાલની ફરિયાદ છે. રીવાઈઝ રીટર્નમાં બેંક પાસેથી ફોર્મ નં.૯ મંગાવેલ નથી. તપાસના કામે જે જે માહિતીની જરૂર હતી તે બેંકે મને આપેલી. એ વાત ખરી છે કે, જો એસ.એલ.આર.નો રેસીયો જાળવવામાં ન આવે તો રીઝર્વ બેંક આરોપી બેંકને પેનલ્ટી કરી શકે. એ વાત ખરી છે કે, આંક—૪૨ નાં મારા ચકાસણી રીપોર્ટમાં એસ.જી.આર.નો રેશીયો ન જાળવવાનો ચોકકસ સમયગાળો કે બનાવ દર્શાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે અંગે મેં તપાસ કરેલી નથી અને આંક—૪૨ નો ચકાસણીનો રીપોર્ટ મારી શંકાના સમાધાન અંગેનો રીપોર્ટ છે. તહોમતદાર બેંકે કરેલા કરારોમાં તમામ આરોપીઓની સહી છે કે કેમ તે અંગે બેંક દ્વારા નિયુકત કરેલ વ્યકિતઓએ તે સહીઓ કરેલ હોવાનું જણાવેલ છે. કરારમાં તમામ તહોમતદારોએ સહી કરેલ નથી, તો કયા તહોમતદારે સહી કરેલ છે તે પણ હાલનાં સાહેદ કયાંય જણાવતા નથી. આંક—૪૨ ના રીપોર્ટમાં તહોમતદાર બેંક સામે પ્રોસીકયુશન કરવા માટે કોઈ અભિપ્રાય આપેલ નથી. મારી તપાસ દરમ્યાન બેંકીગ રેગ્યુ.ની જોગવાઈનો ભંગ થાય છે તેવા તારણ પર હું આવેલો. બેંકીગ રેગ્યુ.એકટની જોગવાઈનો ભંગ થાય તો પ્રોસીકયુશન કરવું જરૂરી નથી. એ વાત ખરી છે કે, ફરિયાદી સ્વામીએ તહોમતદાર બેંકની મુલાકાત લીધી નથી. એ વાત ખરી છે કે,

આંક–૪૨ ના પેરા–૪ ના આઈટમ નં.૯ અને ૧૦ ના કરાર બેંકે સ્વીકારેલા નહિં.

(૩૮).. આમ, રેકર્ડ ઉપર પડેલ ઉપરોકત સાહેદનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો પણ આ કામનાં આરોપીઓએ બેંકને કોઈ ખોટી માહિતી પુરી પાડેલ હોય કે ખોટા રીવાઈઝ રીટર્ન રજુ કરેલ હોય તેવું ફરિયાદ પક્ષ તરફે નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ નથી અને આ સિવાય ફરિયાદ પક્ષ તરફે ફરિયાદની હકીકત પુરવાર કરવા કોઈ જ સાહેદને તપાસવામાં આવેલ નથી તેમજ આંક–૧૪૩ થી ૧૫૬ મુજબના કહેવાતા કરાર અંગેની હકીકતે પણ ફરિયાદી બેંક એવું સાબિત કરી શકેલ નથી કે સદર કરાર ઉપર બેંકનાં કર્મચારીની સહી છે અને કરારનો અર્થ એ થાય છે કે, બંને પક્ષોએ સંમતિથી કરેલ નિશ્ચિત વસ્તુનો લેખિત સ્વરૂપમાં લખી બંને પક્ષોની સહી કરવામાં આવે ત્યારે જ તેને કરાર ગણી શકાય. તો તે સંજોગોમાં સદર દસ્તાવેજો અંગેનાં કરારથકયાનું પણ ફરિયાદ પક્ષે રેકર્ડ ઉપરથી પુરવાર કરેલ નથી, તેમજ ફરિયાદ પક્ષ તરફકે આ કામનાં આરોપીઓએ રીઝર્વ બેંકનાં કોઈ સરકયુલરનો ભંગ કરેલ હોય તેવું પણ ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી તેવું સ્પષ્ટ ઉપરોકત રેકર્ડ ઉપરનાં પુરાવાથી સ્પષ્ટ રીતે જણાય આવે છે.

(૩૯).. વધુમાં આંક–૩૪ થી તપાસેલ સાહેદે આંક–૪૨ વાળો રીપોર્ટ માત્ર તેમની શંકા દુર કરવા માટે કરેલો, પરંતુ તેમને જે જે શંકાઓ ઉપસ્થિત થયેલી તે શંકા બાબતે કોઈ સબળ પુરાવો આ કામે ફરિયાદ પક્ષ રજુ કરી શકેલ નથી તેવું સ્પષ્ટ સમગ્ર રેકર્ડ ઉપરથી જણાય આવે છે.

(૪૦).. આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલા છે.

(૧) 2006 Law Suit (SC) 1227 - GANESH BANK, KURUNDWAD LTD V/S UNION OF INDIA.

(૨) LAWS (SC) -2008-11-153 - NATIONALSMALL INDUSTRIES CORPORATION LTD V/S STATE NCT OF DELHI.

(૩) 2009 Law Suit (SC) 1338 - SARDAR ASSOCIATES V/S PUNJAB & SIND BANK.

(૪) 2010 Law Suit (Bom) 764 - RESERVE BANK OF INDIA V/S IMRAN ASHRAF FURNITUREWALA AND ORS.

(૫) 1997 Law Suit (SC) 491 - BOI FINANCE LTD V/S CUSTODIAN.

ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેવામાં આવેલ છે. સદર ચુકાદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો તથા મારી સમક્ષ પડેલ કેસની હકીકતો તથા બચાવ પક્ષની આ કામે મૂળ સાહેદ અરવિંદભાઈની જુબાનીને વિશેષ કોઈ પડકાર કરવાની તક સાંપડેલ ન હોય અને સદર સાહેદની જુબાની દરમ્યાન સદર સાહેદે રજુ કરેલ દસ્તાવેજોની હકીકતો ફરિયાદ પક્ષે પુરવાર કરવામાં આવેલ ન હોય તેમજ મારી સમક્ષ પડેલ કેસમાં આરોપી બેંકે રીઝર્વ બેંકનાં કયા સરકયુલરનો ભંગ કરેલ તેવો કોઈ સરકયુલર રેકર્ડ ઉપર રજુ કરેલ ન હોય તથા કહેવાતા રીવાઈઝ રીટર્ન રીઝર્વ બેંકની માંગણી મુજબ પુરા પાડેલા હોય તેમજ આંક–૩૪ થી તપાસેલ સાહેદની ઉલટતપાસ દરમ્યાનની ઉપરોકત ચર્ચામાં જણાવેલ કબૂલાતો ધ્યાને રાખતાં, ફરિયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ ચુકાદા અને મારી સમક્ષ પડેલ કેસની હકીકતો તદ્દન વિરોધાભાસી હોવાનું જણાવેલ છે. જેથી સદર રજુ કરેલ ચુકાદા ઉપર આધાર રાખી શકાય નહિં તેવું આ અદાલતનું માનવું છે.

(૪૧).. જયારે આરોપી તરફે નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) 1997 Law Suit (SC) 491 - BOI FINANCE LTD V/S CUSTODIAN.

(૨) AIR 1998 SUPREME COURT 596 Associated Cement Co. Ltd., V/S Keshvanand.

ઉપરોકત બંને ચુકાદાઓ વંચાણે લેવામાં આવેલ છે, જે પૈકી 1997 Law Suit (SC) 491 નો જે ચુકાદો રજુ કરેલ છે તે ચુકાદો ફરિયાદ પક્ષે પણ રજુ કરેલ છે અને તેનાં ઉપર આધાર રાખેલ છે, પરંતુ ઉપરોકત ચર્ચાને આધિન હાલનાં ચુકાદા અંગે અત્રે કોઈ વિશેષ ચર્ચા કરવાની રહેતી નથી અને સદર ચુકાદાની હકીકત અને મારી સમક્ષ પડેલ કેસની હકીકતમાં ફરિયાદ પક્ષ તરફે આરોપીઓ ગવર્મેન્ટ સીકયોરીટી વગર નાણાં રોકાણ અંગે જે તકરાર લીધેલ છે તેવી સીકયોરીટી વગરનાં રોકાયેલ થયેલ હોવા બાબતે ફરિયાદ પક્ષે પુરવાર થતું ન હોય, તે સંજોગોમાં હાલનો ચુકાદો બચાવ પક્ષની હકીકત સાથે સંસંગત ન હોવાનું જણાય આવે છે. જયારે આરોપી તરફે AIR 1998 SUPREME COURT 596 નો જે ચુકાદો રજુ કરેલ છે તે ચુકાદો ક્રિ.પ્રો.કોડની

કલમ–૨૫૬ બાબતે સિધ્ધાંત પ્રસ્થાપિત કરતો ચુકાદો રજુ કરેલ છે, પરંતુ મારી સમક્ષ પડેલ કેસની હકીકતો તદ્દન વિરોધાભાસી હોય, સદર ચુકાદો બચાવ પક્ષની હકીકત સાથે લેશમાત્ર સુસંગત નહિં હોવાનું જણાય આવે છે. સબબ, સદર ચુકાદા ઉપર પણ વિશેષ આધાર રાખી શકાય નહિં તેવું સ્પષ્ટ રીતે જણાય આવે છે.

(૪૨).. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને રાખતાં આ કામનોં ફરિયાદ પક્ષ, આ કામનાં આરોપીઓએ બેંકીગ રેગ્યુલેશન એકટ ૧૯૪૯ ની કલમ–૨૦, ૨૧, ૩૫(એ) નો કોઈ જ ભંગ કરેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ ન હોય, તે સંજોગોમાં આ કામનાં આરોપીઓએ સદર કાયદાની કલમ–૪૬ મુજબનો કોઈ ગુનો કરેલાનું ફરિયાદ પક્ષ નિઃશંકપણે રેકર્ડ ઉપરથી પુરવાર કરી શકેલ નથી તેવું સ્પષ્ટ જણાય આવે છે તેમજ આ કામનાં આરોપીઓનું કહેવાતુ કૃત્ય કરવાનો સમાન ઈરાદો હોવાની હકીકત પણ ફરિયાદ પક્ષ તરફે કોઈ જ રીતે પુરવાર કરવામાં આવેલ નથી તેવું ઉપરોકત રેકર્ડ ઉપર પડેલ પુરાવા ઉપરથી જણાય આવે છે. આમ, સમગ્ર રીતે જોતાં પ્રસ્તુત કેસમાં ફરિયાદ પક્ષ ફરિયાદ અંગેની હકીકતો નિઃશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. સબબ, મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક ઠરાવું છું.

:: હુ ક મ ::

આરોપીઓ નં.૧, ૩ થી ૮, ૧૦, ૧૩ થી ૧૬ નાંઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે, બેંકીગ રેગ્યુલેશન એકટની કલમ–૪૬ સાથે વાંચતા ઈ.પી.કોડની કલમ–૩૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાંમાંથી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓનાં ખત તથા જામીન ખત રદ ગણવા.

અપીલ થાય તો તેવા સંજોગોમાં ઉપલી અદાલતમાં હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/– (પાંચ હજાર) પુરાનાં જામીન આપવા, વિકલ્પે જામીનદારની પુરશીશ રજુ રાખવી.

આરોપીઓ નં.(૨) અક્ષયભાઈ આર.દેસાઈ તથા (૯)નગીનભાઈ એ. રાણા તથા (૧૧) ગુલામનબી જે. શેખ નાંઓ ગુજરી જવાથી તેઓ સામેની ટ્રાયલ એબેટ કરવામાં આવેલ છે.

આ કામે આંક–૨૩૬ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ આરોપી નં. (૧૨) નવીનચંદ્ર એમ. ગાંધી સામેની ટ્રાયલ અલગ કરવામાં આવેલ છે, જેથી આરોપી નં.૧૨ પુરતી ટ્રાયલ આગળ ચલાવવા કેસ પેન્ડીગ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૨૭ મી માહે જાન્યુઆરી સને ૨૦૧૭ નાં રોજ ગણદેવી મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(ભરતકુમાર ભુપેન્દ્રભાઈ પટેલ)
એડિશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ગણદેવી – જીજે.૦૦૨૯૨

ગણદેવી.
૨૭/૦૧/૨૦૧૭.